સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

# ICE CURRENT NEWS

YouTube ICE RAJKOT




ICE RAJKOT SUBSCRIBE

આપની તૈયારીને સર્વશ્રેષ્ઠ બનાવવા અમે લાવ્યા છીએ :

**ICE CURRENT NEWS**

કરંટ અફેર્સની તૈયારી હવે વધુ સરળ અને ઝડપી બનાવવા આજે જ સબસ્કાઈબ કરો અમારી YouTube ચેનલ

ICE RAJKOT

દરેક નવા વીડિયોના **NOTIFICATION** માટે **BELL** icon **PRESS** કરો.

**સંપાદક**

**મૌલિક ગોંધિયા**

(Director - ICE)

[JUNE-2019]
[16/06 to 22/06]

# WEEK-25

## CURRENT TOPIC

- ભારતમાં 17મી લોકસભાના પ્રથમ સત્રમાં થયેલી કેટલીક મહત્ત્વની કાર્યવાહી
- ‘વિશ્વ યોગ દિવસ’ની ઉત્સાહપૂર્વક ઉજવણી
- UNCTAD World Investment Report 2019
- ગુજરાતમાં 13 જેટલા સ્થળોને આંતરરાષ્ટ્રીય બુદ્ધિસ્ટ સર્કિટ તરીકે વિકસાવાશે.
- પ્રધાનમંત્રી કિસાન પેન્શન યોજના
- નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની પાંચમી બેઠક


t.me/icerajkotofficial | icerajkot | icerajkot | icerajkot

SADGURU COMPLEX, 2nd FLOOR, NR. AKSHAR MANDIR, KALAWAD ROAD, RAJKOT-360001.
CALL : 9375701110 / 9328001110

## 16 JUNE, 2019 SUNDAY

## ➤ દિવસ મહિમા : જૂન માસનો ત્રીજો રવિવાર (16 જૂન, 2019) ફાધર્સ ડે (Father's Day)

સમગ્ર વિશ્વના વિવિધ દેશોમાં ફાધર્સ ડેની ઉજવણી જુદા જુદા દિવસે કરવામાં આવે છે.

- જોકે ભારતમાં દર વર્ષે જૂન માસનો ત્રીજો રવિવાર ફાધર્સ ડે તરીકે ઉજવાય છે.
- આ અંતર્ગત ભારતમાં વર્ષ 2019માં 16 જૂનના રોજ ફાધર્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી.
- ભારત ઉપરાંત કેનેડા, ફ્રાન્સ, જાપાન, અમેરિકા સહિત વિશ્વના મોટા ભાગના દેશોમાં ફાધર્સ ડે જૂન માસના ત્રીજા રવિવારે જ ઉજવાય છે.

**ભારતમાં કયો દિવસ ક્યારે ઉજવાય છે ?**

| ક્રમ | દિવસ | ક્યારે ઉજવાય છે ? |
|---|---|---|
| 1 | Mother's day | મે માસનો બીજો રવિવાર |
| 2 | Father's day | જૂન માસનો ત્રીજો રવિવાર |
| 3 | Parent's day | જુલાઈ માસનો ચોથો રવિવાર |
| 4 | Children day (બાળ દિવસ) | 14 નવેમ્બર (શ્રી જવાહરલાલ નહેરુ જન્મદિન) |
| 5 | International Day of the Girl Child | 11 ઓક્ટોબર |

## ➤ નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની પાંચમી બેઠક

15 જૂન, 2019ના રોજ ભારતમાં નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની પાંચમી બેઠકનું આયોજન થયું હતું.

- આ બેઠકમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શ્રીમતી મમતા બેનર્જી, તેલંગણાના મુખ્યમંત્રી શ્રી કે. ચંદ્રશેખર રાવ તેમજ પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહ સિવાય ભારતના અન્ય મુખ્યમંત્રી, જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ, આંદમાન–નિકોબારના ઉપરાજ્યપાલ ઉપરાંત ગવર્નિંગ કાઉન્સિલના અન્ય સભ્યો હાજર રહ્યા હતા.



# Glimpse of ICE Seminar
# 22/06/2019 - AHMEDABAD

સ્પર્ધાત્મક પરીક્ષાના સમરાંગણના
સૌ શૂરવીરોનો હૃદયપૂર્વક ખૂબ ખૂબ આભાર












## 2024 સુધીમાં 5 ટ્રિલિયન ડોલરનું લક્ષ્ય

નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની આ પાંચમી બેઠકમાં વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઇ મોદી**એ વર્ષ 2022 સુધીમાં **'ન્યુ ઇન્ડિયા'**ના સર્જનનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

- આ ઉપરાંત તેમણે વર્ષ 2024 સુધીમાં ભારતની અર્થવ્યવસ્થા **5 ટ્રિલિયન ડોલર** એટલે કે **5000 અબજ ડોલર** સુધી લઈ જવાનું વિઝન વ્યક્ત કર્યું હતું.
- આ લક્ષ્યની પ્રાપ્તિ માટે તેમણે રાજ્યોને તેમની અર્થવ્યવસ્થા **2 થી 2.5 ટકા** સુધી વધારવાનું લક્ષ્ય રાખવાનું આહવાન કર્યું હતું.

**નોંધ :** માર્ચ 2019ના અંદાજ અનુસાર ભારતની અર્થવ્યવસ્થાનું કદ હાલ **2750 અબજ ડોલર**નું છે.

## દેશના વિકાસમાં ગુજરાતનું યોગદાન

નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની આ બેઠકમાં ઉપસ્થિત ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**એ જણાવ્યું હતું કે –

- દેશના કૃષિ અર્થતંત્રમાં ગુજરાતનો ફાળો **7.3 ટકા** છે.
- વર્ષ 2018માં ગુજરાતના કૃષિ ઉત્પાદનમાં **12.11 ટકા**નો વધારો થયો હતો.
- નાણાકીય વર્ષ 2017-18 દરમિયાન ગુજરાત રાજ્યના અર્થતંત્રનો વૃદ્ધિ દર **11.2 ટકા** રહ્યો હતો.
- જ્યારે છેલ્લા **પાંચ વર્ષ**નો ગુજરાતના અર્થતંત્રનો સરેરાશ વૃદ્ધિ દર **9.9 ટકા** છે.
- આ ઉપરાંત ગુજરાત **2600 કિમીથી** વધુની રાજ્યવ્યાપી **નેચરલ ગેસ ગ્રીડ** ધરાવતું ભારતનું **સૌપ્રથમ અને એકમાત્ર** રાજ્ય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગવર્નિંગ કાઉન્સિલના સભ્યો

નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલમાં નીચેના સભ્યોનો સમાવેશ થાય છે :

(1) નીતિ આયોગના અધ્યક્ષ તથા નાયબ અધ્યક્ષ
(2) દરેક રાજ્ય તથા વિધાનસભા ધરાવતા કેન્દ્ર શાસિત પ્રદેશો દિલ્હી અને પુડુચેરીના મુખ્યમંત્રી
(3) આંદમાન નિકોબારના ઉપરાજ્યપાલ
(4) હોદ્દાની રૂએ નીતિ આયોગના સભ્યો કે જેમાં ચાર કેન્દ્રીય મંત્રીશ્રીનો સમાવેશ થાય છે.
(5) નીતિ આયોગના વિશેષ આમંત્રિત સભ્યો કે જેમાં કેટલાક કેન્દ્રીય મંત્રીશ્રીનો સમાવેશ થાય છે.
(6) નીતિ આયોગના કાયમી સભ્યો

**નોંધ :** (1) નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલ એ ભારતની મુખ્ય સંસ્થા છે. જેનું મુખ્ય કાર્ય રાષ્ટ્રના નિર્માણ તથા વિકાસની વ્યાપક રણનીતિ તૈયાર કરવી અને તેની પ્રાપ્તિ માટે રાજ્યોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવાનું છે.

(2) નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની **પ્રથમ બેઠક**નું આયોજન **8 ફેબ્રુઆરી, 2015**ના રોજ થયું હતું.

(3) ત્યારબાદ 15 જુલાઈ 2016ના રોજ તેની બીજી, 23 એપ્રિલ 2017ના રોજ ત્રીજી અને 17 જૂન 2018ના રોજ તેની ચોથી બેઠકનું આયોજન થયું હતું.

## નીતિ આયોગ

દેશના વિકાસને ગતિ અને દિશા આપવા માટે કેન્દ્ર સરકાર દ્વારા **1 જાન્યુઆરી, 2015**ના રોજ **નીતિ આયોગ**ની સ્થાપના કરવામાં આવી હતી.

- આ સંસ્થા દેશ (કેન્દ્ર) અને રાજ્યો વચ્ચે આર્થિક બાબતો પર પોતાના મંતવ્યો આપે છે, તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે થઈ રહેલા આર્થિક ફેરફારોને લઈને નવી યોજનાના નિર્માણ માટે સહકાર આપે છે.
- **નીતિ (NITI) આયોગ**નું પૂરું નામ **'નેશનલ ઈન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા'** છે.
- **15 માર્ચ, 1950**ના રોજ સ્થપાયેલા **યોજના આયોગ (Planning Commission)**ની જગ્યાએ તેની સ્થાપના કરવામાં આવી છે.
- આ અંતર્ગત **17 ઓગસ્ટ, 2014**ના રોજ યોજના આયોગનું વિસર્જન કરવામાં આવ્યું હતું.
- નીતિ આયોગનું વડું મથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- દેશના **વડાપ્રધાન** તેના **અધ્યક્ષ** હોય છે.

सत्यमेव जयते

नीति आयोग

National Institution for Transforming India

## નીતિ આયોગના સભ્યો

નીતિ આયોગના સભ્યોમાં નીચેની વ્યક્તિઓનો સમાવેશ થાય છે.

- અધ્યક્ષ : શ્રી નરેન્દ્રભાઈ મોદી
- ઉપાધ્યક્ષ : શ્રી રાજીવ કુમાર
- CEO : શ્રી અમિતાભ કાંત
- કાયમી સભ્યો : શ્રી બિબેક દેબરોય, શ્રી વી. કે. સારસ્વત, શ્રી રમેશ ચંદ
- હોદ્દાની રૂએ સભ્યો : શ્રી અમિત શાહ, શ્રી રાજનાથ સિંહ, શ્રીમતી નિર્મલા સીતારામન અને શ્રી નરેન્દ્ર સિંહ તોમર
- વિશેષ આમંત્રિત સભ્યો : શ્રી નીતિન ગડકરી, શ્રી પીયૂષ ગોયલ, શ્રી થાવર ચંદ ગેહલોત અને શ્રી રાવ ઈન્દ્રજીત સિંહ

**નોંધ :** નીતિ આયોગ **'ગેરબંધારણીય'** સંસ્થા છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

**1.** ભારતમાં કયો દિવસ 'ફાધર્સ ડે' તરીકે ઉજવાય છે ?
(A) 16 જૂન (B) જૂન માસનો બીજો રવિવાર
(C) 18 જૂન (D) જૂન માસનો ત્રીજો રવિવાર
**(D)**

**2.** ભારતમાં વર્ષ 2019માં કયા દિવસે 'ફાધર્સ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી ?
(A) 15 જૂન (A) 16 જૂન (A) 17 જૂન (A) 18 જૂન
**(B)**

**3.** તાજેતરમાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની કેટલામી બેઠકનું આયોજન થયું હતું ?
(A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) પાંચમી
**(D)**

4. તાજેતરમાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની પાંચમી બેઠકનું આયોજન કયાં થયું હતું ?
(A) મહાત્મા મંદિર, ગાંધીનગર
(B) હૈદરાબાદ ભવન, નવી દિલ્હી
(C) વિજ્ઞાન ભવન, નવી દિલ્હી
(D) રાષ્ટ્રપતિ ભવન, નવી દિલ્હી
(D)

5. તાજેતરમાં નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન ખાતે નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની પાંચમી બેઠકનું આયોજન થયું હતું.... આ બેઠકના અધ્યક્ષ કોણ હતા ?
(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી અમિતાભ કાંત (C) શ્રી રાજીવ કુમાર (D) શ્રી નરેન્દ્રભાઈ મોદી
(D)

6. તાજેતરમાં નવી દિલ્હીના રાષ્ટ્રપતિ ભવન ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની પાંચમી બેઠકનું આયોજન થયું હતું.....નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલના સભ્યોમાં કોનો સમાવેશ થાય છે?
(A) વડાપ્રધાન અને તમામ રાજ્યોના મંત્રી
(B) તમામ રાજ્યોના રાજ્યપાલ
(C) તમામ રાજ્યોના રાજ્યપાલ તથા કેન્દ્રશાસિત પ્રદેશોના ઉપરાજ્યપાલ
(D) દિલ્હી અને પુડુચેરી સહિત ભારતના તમામ રાજ્યોના મુખ્યમંત્રી અને આંદમાન નિકોબારના ઉપરાજ્યપાલ (લેફ્ટનન્ટ ગવર્નર)
(D)

7. નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની પાંચમી બેઠકમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયાં સુધીમાં ભારતની અર્થવ્યવસ્થા 5 ટ્રિલિયન ડોલર અથવા તો 5000 અબજ ડોલર સુધી લઈ જવાનું વિઝન રજૂ કર્યું છે ?
(A) 2022 (B) 2024 (C) 2025 (D) 2030
(B)

8. નીતિ આયોગની ગવર્નિંગ કાઉન્સિલની પાંચમી બેઠકમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2024 સુધીમાં ભારતની અર્થવ્યવસ્થા કયાં સુધી લઈ જવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે ?
(A) 3 ટ્રિલિયન ડોલર અથવા 3000 અબજ ડોલર
(B) 5 ટ્રિલિયન ડોલર અથવા 5000 અબજ ડોલર
(C) 6 ટ્રિલિયન ડોલર અથવા 6000 અબજ ડોલર
(D) 8 ટ્રિલિયન ડોલર અથવા 8000 અબજ ડોલર
(B)

9. નીતિ આયોગના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
(1) તેની સ્થાપના 1 જાન્યુઆરી, 2015ના રોજ થઈ હતી.
(2) તેનું પૂરું નામ 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા' છે.
(3) તેના ઉપાધ્યક્ષ શ્રી રાજીવ કુમાર છે.
(4) તેના CEO શ્રી અમિતાભ કાંત છે.
Ans. : (A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 3, 4 (D) 1, 2, 3, 4
(D)

10. નીતિ આયોગ કયા પ્રકારની સંસ્થા છે ?
(A) બંધારણીય (B) ગેરબંધારણીય (C) વૈધાનિક (D) અર્ધન્યાયિક
(B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે
સ્પેશિયલ બેચ
ધોરણ- 12માં આપની ટકાવારી મુજબ
Special Discount
ફ્રી ટ્રાયલ લેક્ચર
નવી બેચ શરૂ
50% Discount 80% થી વધુને
20% Discount 60% થી વધુને
10% Discount 40% થી વધુને
2012 - 18
1237+
સફળ ઉમેદવાર
સ્પેશિયલ બેચમાં જોડાનાર તમામ વિદ્યાર્થીઓ માટે
Current Affairsના Special Lecture ફ્રીમાં રહેશે.
t.me/icerajkotofficial
icerajkot
www.iceonline.in
ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS
CALL :9375701110/
9328001110

## 17 JUNE, 2019 MONDAY

➢ દિવસ મહિમા : 17 જૂન, World Day to Combat Desertification and Drought (રણીકરણ અને દુકાળનો સામનો કરવા માટેનો વિશ્વ દિવસ)

➢ 15મો કૃષિ મહોત્સવ 2019

16 જૂન, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના ખાનપુર ખાતેથી રાજ્ય વ્યાપી 'કૃષિ મહોત્સવ 2019' અથવા તો રાજ્ય વ્યાપી 'ખરીફ કૃષિ મહોત્સવ 2019'નો શુભારંભ કરાવ્યો છે.




- રાજ્યના ખેડૂતો આધુનિક અને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરીને સમૃદ્ધિ મેળવે તે ઉદ્દેશથી ગુજરાતમાં વર્ષ 2005થી કૃષિ મહોત્સવનો પ્રારંભ થયો છે.
- આ અંતર્ગત વર્ષ 2019માં ગુજરાતમાં 15મા કૃષિ મહોત્સવનું આયોજન થયું છે.
- આ કૃષિ મહોત્સવની સાથે સાથે પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના ખાનપુર ખાતે પશુ આરોગ્ય મેળાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.
- આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ખાનપુર ખાતે કૃષિલક્ષી પ્રદર્શનને પણ ખુલ્લું મૂક્યું હતું અને તેમણે વિવિધ સ્ટોલની પણ મુલાકાત લીધી હતી.
- આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 121 જેટલા પ્રગતિશીલ ખેડૂતોની સાફલ્યગાથા રજૂ કરતા પુસ્તકનું પણ વિમોચન કર્યું હતું.

**નોંધ :** (1) ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે મહેસાણા જિલ્લાના કડી ખાતેથી કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.

(2) 16-17 જૂન 2019 દરમિયાન ગુજરાતમાં ગુજરાતના તમામ તાલુકામાં તાલુકાદીઠ 1 કૃષિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

(3) વર્ષ 2022 સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાનું ભારત સરકારનું લક્ષ્ય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ સ્પેસ વોર માટે સજ્જ થવા ભારતમાં Defence Space Research Agency (DSRA)ની સ્થાપનાને મંજૂરી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં તાજેતરમાં મળેલી The Cabinet Committee on Security (CCS)ની બેઠકમાં Defence Space Research Agency (DSRA)ની સ્થાપનાને મંજૂરી આપવામાં આવી છે.

- ભારતમાં સ્પેસમાં યુદ્ધની સ્થિતિને ધ્યાનમાં રાખીને આર્મ્ડ ફોર્સિસની તાકાત વધારવા માટે આ એજન્સીની રચના કરવામાં આવશે.
- આ એજન્સી સ્પેસ વોર માટે જરૂરી વેપન સિસ્ટમ અને ટેક્નોલોજી ડેવલપ કરશે.
- આ એજન્સીમાં વૈજ્ઞાનિકોની એક ટીમ હશે જે ભારતીય આર્મી, નેવી અને એરફોર્સ સાથે મળીને સ્પેસ વોર માટે જરૂરી યુદ્ધ ટેક્નોલોજી ડેવલપ કરશે.
- ભારતને સ્પેસ યુદ્ધ લડવા સક્ષમ બનાવવા માટે બેંગાલુરુ ખાતે સ્થપાઈ રહેલી એક અન્ય સંસ્થા Defence Space Agency (DSA)ને આ DSRA દ્વારા સહાયતા કરવામાં આવશે.
- DSRA દ્વારા ભારતની Defence Space Agency (DSA)ને રીસર્ચ અને ડેવલપમેન્ટ (R&D) સપોર્ટ પૂરો પાડવામાં આવશે.

## ➤ UNCTAD World Investment Report 2019




United Nations Conference on Trade And Development (UNCTAD) દ્વારા તાજેતરમાં World Investment Report 2019 પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ રિપોર્ટ અનુસાર વર્ષ 2018માં સૌથી વધુ સીધા વિદેશી રોકાણની બાબતમાં ભારત 10મા ક્રમે છે.
- જોકે, આ અગાઉ વર્ષ 2018માં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં વર્ષ 2017માં સૌથી વધુ સીધા વિદેશી રોકાણની બાબતમાં ભારત 9મા ક્રમે હતું.
- વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટમાં અમેરિકા પ્રથમ, ચીન બીજા અને હોંગકોંગ ત્રીજા ક્રમે છે.

**World Investment Report 2019 અનુસાર વર્ષ 2018માં Foreign direct Investment (FDI)**

| ક્રમ | દેશ | FDI (બિલિયન ડોલરમાં) |
|---|---|---|
| 1 | અમેરિકા | 252 |
| 2 | ચીન | 139 |
| 3 | હોંગકોંગ | 116 |
| 4 | સિંગાપોર | 78 |
| 5 | નેધરલેન્ડ | 70 |
| 6 | બ્રિટન | 64 |
| 7 | બ્રાઝિલ | 61 |
| 8 | ઓસ્ટ્રેલિયા | 60 |
| 9 | સ્પેન | 44 |
| 10 | ભારત | 42 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### આ રિપોર્ટ અનુસાર ભારતમાં FDI

વર્ષ 2019માં પ્રસિદ્ધ થયેલા આ રિપોર્ટ અનુસાર વર્ષ 2018માં ભારતમાં Foreign direct Investment - FDI (સીધું વિદેશી રોકાણ) 42 બિલિયન ડોલર થયું હતું.

- જ્યારે આ અગાઉ વર્ષ 2017માં ભારતમાં FDI 40 બિલિયન ડોલર હતું.
- આમ, તાજેતરના રિપોર્ટ અનુસાર વર્ષ 2018માં ભારતમાં FDIમાં 6 ટકાનો વધારો થયો છે.

### દક્ષિણ એશિયામાં FDI

વર્ષ 2018માં દક્ષિણ એશિયામાં FDIમાં 3.5 ટકાનો વધારો થયો છે.

- વર્ષ 2018માં દક્ષિણ એશિયામાં FDI 54 બિલિયન ડોલર થયું હતું.

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

- વર્ષ 2018માં દક્ષિણ એશિયામાં થયેલા ફોરેન ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટમાં ભારતનો હિસ્સો 77 ટકાથી વધુ છે.
- વર્ષ 2018માં ભારતમાં FDI 42 બિલિયન ડોલર થયું હતું. જ્યારે બાંગ્લાદેશમાં તે 3.6 અને શ્રીલંકામાં 1.6 બિલિયન ડોલર હતું.
- જ્યારે વર્ષ 2018માં પાકિસ્તાનમાં FDIનું પ્રમાણ 27 ટકા ઘટીને 2.4 બિલિયન ડોલર થયું હતું.

**નોંધ :** વર્ષ 2018માં ભારતમાં Manufacturing, Communication અને Financial Services ના ક્ષેત્રમાં મજબૂત પ્રવાહને કારણે FDI 42 બિલિયન ડોલર થયું હતું.





ફ્રી DEMO LECTURE

ગુજરાત સરકારની વર્ગ-3ની તમામ ભરતીઓ માટે

સ્પેશિયલ બેચ

નવી બેચ

TIME : સવારે

ફ્રી DEMO LECTURE

સ્પેશિયલ બેચ

બિન સચિવાલય માટે

નવી બેચ

TIME : સવારે / સાંજે

127/ Ratna Business Square, Old Natraj Cinema, Opp H.K collage, Ashram Road

Ahmedabad-380009

8469501110

8469601110

## ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 16 જૂન, 2019ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં રાજ્ય વ્યાપી 'કૃષિ મહોત્સવ' અથવા તો રાજ્ય વ્યાપી 'ખરીફ કૃષિ મહોત્સવ'નો પ્રારંભ કયાંથી કરાવ્યો હતો ?<br>(A) ખાનપુર, હાલોલ(પંચમહાલ) (B) ખાનપુર, કાલોલ(પંચમહાલ)<br>(C) ખાનપુર, મોરવા હડફ (પંચમહાલ) (D) ખાનપુર, લુણાવાડા (પંચમહાલ) | (C) |
| 2. | 16 જૂન, 2019ના રોજ ગુજરાતમા પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના ખાનપુર ખાતેથી મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કેટલામાં કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો છે ?<br>(A) 14મા (A) 15મા (A) 16મા (A) 17મા | (B) |
| 3. | ગુજરાતમાં કૃષિ મહોત્સવનો પ્રારંભ ક્યારથી થયો હતો ?<br>(A) 2003 (B) 2005 (C) 2007 (D) 2009 | (B) |
| 4. | સ્પેસ વોર માટે જરૂરી વેપન સિસ્ટમ અને ટેક્નોલોજી ડેવલપ કરવા માટે ભારતમાં કેબિનેટની સુરક્ષા કમિટીની બેઠકમાં કઈ નવી એજન્સીની સ્થાપના માટે મંજૂરી આપવામાં આવી છે ?<br>(A) Defence Space Research Agency (DSRA)<br>(B) Defence Space Station Agency (DSSA)<br>(C) Defence Space Technology Agency (DSTA)<br>(D) Defence Space Weapon Agency (DSWA) | (A) |
| 5. | યુનાઈટેડ નેશન્સ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા World Investment Report 2019 અનુસાર સૌથી વધુ FDIની બાબતમાં ભારત કયા ક્રમે છે ?<br>(A) 8મા (B) 10મા (C) 12મા (D) 15મા | (B) |
| 6. | યુનાઈટેડ નેશન્સ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા World Investment Report 2019 અનુસાર ભારતમાં વર્ષ 2018માં FDIમાં કેટલા ટકાનો વધારો થયો છે ?<br>(A) 3.5 (B) 4.5 (C) 6.0 (D) 6.5 | (C) |
| 7. | યુનાઈટેડ નેશન્સ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા World Investment Report 2019 અનુસાર ભારતમાં વર્ષ 2018માં FDI કેટલા બિલિયન ડોલર હતું ?<br>(A) 40 (B) 42 (C) 44 (D) 60 | (B) |
| 8. | તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા World Investment Report 2019 અનુસાર ભારતમાં કયા સેક્ટરમાં મજબૂત પ્રવાહને કારણે વર્ષ 2018માં FDI 42 બિલિયન ડોલર થયું હતું ?<br>(A) મેન્યુફેક્ચરિંગ, કોમ્યુનિકેશન, એગ્રિકલ્ચર<br>(B) મેન્યુફેક્ચરિંગ, કોમ્યુનિકેશન, ઈન્ડસ્ટ્રીઝ<br>(C) મેન્યુફેક્ચરિંગ, કોમ્યુનિકેશન, ઈલેક્ટ્રીસિટીક<br>(D) મેન્યુફેક્ચરિંગ, કોમ્યુનિકેશન, ફિનાન્સિયલ સર્વિસીઝ | (D) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

18 JUNE, 2019 TUESDAY

## ➤ અમેરિકાથી આયાત થતી 28 વસ્તુઓ પર ડ્યુટીમાં વધારો



તાજેતરમાં ભારત દ્વારા અમેરિકાથી આયાત થતી 28 વસ્તુઓ પર આયાત ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે.

- આ 28 વસ્તુઓમાં બદામ, અખરોટ, સફરજન, કઠોળ વગેરેનો સમાવેશ થાય છે.
- જેમાં ભારતે અમેરિકાથી આયાત થતી અખરોટ પર આયાત ડ્યુટી 30 ટકાથી વધારીને 120 ટકા કરી દીધી છે.
- જ્યારે ચણા, મસુર દાળ પરની આયાત ડ્યુટી 30 ટકાથી વધારીને 70 ટકા કરવામાં આવી છે.
- થોડા સમય અગાઉ અમેરિકાએ ભારતને જનરલાઈઝ્ડ સિસ્ટમ ઓફ પ્રેફરન્સિઝ (GSP)માંથી બહાર કર્યું હતું.
- અમેરિકાના આ નિર્ણય બાદ ભારતે અમેરિકાની 28 વસ્તુઓ પર ડ્યુટીમાં વધારો કર્યો છે.

નોંધ : (1) GSP અંતર્ગત ભારતમાંથી અમેરિકામાં નિકાસ થતી કેટલીક વસ્તુઓ પર ડ્યુટીમાં રાહત મળતી હતી.
(2) અમેરિકાએ આ અગાઉ વર્ષ 2018માં ભારતના સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ડ્યુટી વધારી હતી.

## ➤ 2030 સુધીમાં ભારત પોતાનું સ્વતંત્ર સ્પેસ સ્ટેશન બનાવશે




ઈસરોના વડા શ્રી કે. સિવને તાજેતરમાં કરેલી જાહેરાત અનુસાર વર્ષ 2030 સુધીમાં ભારત અવકાશમાં પોતાનું સ્વતંત્ર સ્પેસ સ્ટેશન સ્થાપવાની યોજના બનાવી રહ્યું છે.

- ઓછા બજેટમાં મિશન પાર પાડી શકાય તે માટે ઈસરો દ્વારા 20 ટન વજનનું પ્રમાણમાં નાનું સ્પેસ સ્ટેશન બનાવવામાં આવશે.
- ભારત દ્વારા સ્વતંત્ર રીતે જ આ સ્પેસ સ્ટેશન સ્થાપવામાં આવશે. આ માટે કોઈ અન્ય દેશ સાથે ભાગીદારી કરવામાં આવશે નહિ.
- આ સ્પેસ સ્ટેશનની સ્થાપના બાદ ભારત અમેરિકા, રશિયા અને ચીન બાદ વિશ્વનો ચોથો એવો દેશ બની જશે કે જેની પાસે પોતાનું સ્પેસ સ્ટેશન હોય.
- આ સ્પેસ સ્ટેશનમાં વૈજ્ઞાનિકોને રહેવાની, ઉપગ્રહને ઉતારવાની તથા યાનોને લગતી અન્ય સુવિધાઓ હશે.

### International Space Station (ISS)

'ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન'એ હાલ સંપૂર્ણ રીતે કાર્યરત હોય એવું વિશ્વનું લગભગ એકમાત્ર સ્પેસ સ્ટેશન છે.

- અમેરિકા અને રશિયાએ સંયુક્ત પ્રોજેક્ટ હેઠળ 20 નવેમ્બર, 1998ના રોજ આ સ્પેસ સ્ટેશન લોન્ચ કર્યું હતું.
- ત્યારબાદ તેમાં જાપાન, કેનેડા, યુરોપિયન સ્પેસ એજન્સીનો પણ સહયોગ મળ્યો હતો.
- આ સ્પેસ સ્ટેશન પૃથ્વીથી લગભગ 400 કિમીના અંતરે આવેલું છે.
- 14 માર્ચ 2019 સુધીમાં 18 દેશોના 236 જેટલા અવકાશયાત્રીઓ આ સ્પેસ સ્ટેશન પર જઈ ચૂક્યા છે.

## ICE ? Questions


1. જૂન, 2019 દરમિયાન ભારતે અમેરિકાથી આયાત થતી કેટલી વસ્તુઓ પર ડ્યુટીમાં વધારો કર્યો છે ?
   (A) 24 (B) 26 (C) 28 (D) 32 — **(C)**

2. જૂન, 2019 દરમિયાન ભારતે અમેરિકાથી આયાત થતી અખરોટ પરની આયાત ડ્યુટી 30 ટકાથી વધારીને કેટલા ટકા કરી છે ?
   (A) 60 ટકા (A) 70 ટકા (A) 100 ટકા (A) 120 ટકા — **(D)**

3. જૂન, 2019 દરમિયાન ભારતે અમેરિકાથી આયાત થતા ચણા અને મસુર દાળ પરની ડ્યુટી 30 ટકાથી વધારીને કેટલા ટકા કરી છે ?
   (A) 50 ટકા (B) 70 ટકા (C) 90 ટકા (D) 120 ટકા — **(B)**

4. ઈસરો દ્વારા કયાં સુધીમાં અવકાશમાં ભારતનું સ્વતંત્ર સ્પેસ સ્ટેશન સ્થાપવાની યોજના બનાવવામાં આવી રહી છે ?
   (A) 2022 (B) 2025 (C) 2030 (D) 2032 — **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**19 JUNE, 2019 WEDNESDAY**

## ➢ ગુજરાતમાં ઓવર સ્પીડથી ચાલતા વાહનો પર બ્રેક લગાવવા ટ્રાફિક પોલીસને સ્પીડ ગનથી સજ્જ કરાશે



ગુજરાતમાં થતા જીવલેણ માર્ગ અકસ્માતો પાછળ મોટા ભાગે **વાહનોની ઓવર સ્પીડ** કારણભૂત હોય છે.

- આથી, ગુજરાત સરકારે સ્પીડથી ચાલતા વાહનો પર બ્રેક લગાવવા માટે અદ્યતન ટેક્નોલોજી આધારિત **સ્પીડ ગન**નો અમલ કરવાનો નિર્ણય કર્યો છે.
- આ અંતર્ગત ગુજરાતમાં ઓવર સ્પીડથી ચાલતા વાહનો પર બ્રેક લગાવવા અને તેમની સામે કડક દંડનીય કાર્યવાહી કરવા માટે **રૂ. 3.90 કરોડ**ના ખર્ચે નવી **39 સ્પીડ ગન** ખરીદવામાં આવી છે.
- નવી 39 પૈકી **પાંચ** સ્પીડ ગન **અમદાવાદ શહેર**ને ફાળવવામાં આવશે.
- જ્યારે બાકીની સ્પીડ ગન **તમામ જિલ્લાઓના ટ્રાફિક પોલીસ મથક**ને ફાળવવામાં આવશે.

### સ્પીડ ગનની વિશેષતા

અદ્યતન **લેઝર ટેક્નોલોજી** આધારિત આ સ્પીડ ગન **અમેરિકા**ની બનાવટની છે.

- **રૂ. 10 લાખ**ની કિંમતની આ પ્રત્યેક ગન **હાઈટેક સ્પીડ ગન** છે.
- જે **એક સેકન્ડ**માં **ત્રણ વાહનો**ની ઝડપ **1 કિલોમીટર દૂરથી જ** માપી શકે છે.
- આ ગન **0 થી 320 કિમી/પ્રતિ કલાક** સુધીની ઝડપ માપી શકે છે.
- આ સ્પીડ ગનની મદદથી ઓવર સ્પીડ વાહનના ચાલકોને પુરાવા સાથે **ઈ-મેમો** મોકલી શકાશે તેમજ તેનાથી ઓન ધ સ્પોટ **ફોટો સાથેનો મેમો** જનરેટ કરીને પણ આપી શકાશે.
- આ ઉપરાંત આ સ્પીડ ગનમાં વાહનોની સ્પીડનું **વીડિયો રેકોર્ડિંગ** પણ સ્ટોર થતું રહેશે, જે પુરાવા રૂપે કામ લાગશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➢ ગુજરાતમાં 13 જેટલા સ્થળોને આંતરરાષ્ટ્રીય બુદ્ધિસ્ટ સર્કિટ તરીકે વિકસાવાશે

ગુજરાત સરકારના **પ્રવાસન વિભાગ** દ્વારા ગુજરાતના **13** જેટલા **પર્યટન સ્થળો**ને **આંતરરાષ્ટ્રીય બુદ્ધિસ્ટ સર્કિટ** તરીકે વિકસાવવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.

- આ આંતરરાષ્ટ્રીય બુદ્ધિસ્ટ સર્કિટ વિકસાવવા માટે **ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ ફેડરેશન** સાથે ગુજરાત સરકારે કરાર કર્યા છે.
- આ અંતર્ગત ગુજરાતમાં **ભગવાન બુદ્ધ** સાથે સંકળાયેલા **13 પ્રવાસન સ્થળો**ને આંતરરાષ્ટ્રીય બુદ્ધિસ્ટ સર્કિટ તરીકે વિકસાવવાનું આયોજન છે.
- આ 13 સ્થળોમાંથી **મેશ્વો** નદીને કિનારે આવેલા **અરવલ્લી** જિલ્લાના **દેવની મોરી**ને મહત્ત્વના **ગ્લોબલ બુદ્ધિસ્ટ સ્પિરિચ્યુઅલ સ્થળ** તરીકે વિકસાવવામાં આવશે.

## બુદ્ધિસ્ટ સર્કિટ અંતર્ગત સમાવેશ પામેલા ગુજરાતના 13 પ્રવાસન સ્થળો

| ક્રમ | સ્થળનું નામ | ક્યાં આવેલું છે ? |
|---|---|---|
| 1 | ઉપરકોટ | જૂનાગઢ |
| 2 | બાબા પ્યારેની ગુફાઓ | જૂનાગઢ |
| 3 | ખાપરા કોડિયાના મહેલ | જૂનાગઢ |
| 4 | અશોક શિલાલેખ | જૂનાગઢ |
| 5 | સાના ગુફાઓ | ગીર સોમનાથ |
| 6 | બુદ્ધિસ્ટ ગુફાઓ | પ્રભાસ પાટણ |
| 7 | કડિયા ડુંગર | ભરૂચ |
| 8 | સિયોત ગુફાઓ | કચ્છ |
| 9 | તળાજા બુદ્ધિસ્ટ ગુફાઓ | ભાવનગર |
| 10 | ખંભાલિડા ગુફાઓ | ગોંડલ પાસે, રાજકોટ |
| 11 | બુદ્ધિસ્ટ ગુફાઓ | વડનગર |
| 12 | બુદ્ધિસ્ટ ગુફાઓ | તારંગા હિલ, મહેસાણા |
| 13 | દેવની મોરી | શામળાજી પાસે, અરવલ્લી |



ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### દેવની મોરી

ઉપરોક્ત 13 સ્થળોમાંથી **દેવની મોરીને** મહત્ત્વના **ગ્લોબલ બુદ્ધિસ્ટ સ્પિરિચ્યુઅલ સ્થળ** તરીકે વિકસાવવાનું ગુજરાત સરકારના પ્રવાસન વિભાગનું આયોજન છે.

- ગુજરાતમાં **અરવલ્લી** જિલ્લાના **શામળાજી** નજીક **મેશ્વો નદીના કિનારે** આવેલું **દેવની મોરી** એ **વિશાળ બૌદ્ધ સ્તૂપ**, **ચૈત્ય** અને **વિહાર** ધરાવતું ભગવાન બુદ્ધ સાથે સંકળાયેલું મહત્ત્વનું સ્થળ છે.
- આથી, અહીં ભગવાન બુદ્ધના સમયના અવશેષોનું **પ્રદર્શન** બનાવવામાં આવશે.
- આ ઉપરાંત અહીં ભવ્ય સ્તૂપનું પુનઃ નિર્માણ, પાણી માટે કુંડ, બ્રીજ, મેશ્વો રિવર ફ્રન્ટ, ઘાટ અને બાયો ડાયવર્સિટીનું સંરક્ષણ, ગ્રંથાલય તથા આર્ટ્સ અને ક્રાફ્ટ્સ હાટનું નિર્માણ કરવામાં આવશે.

**નોંધ :** (1) દેવની મોરીનું સંશોધન **આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા** અને **મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીના** સંયુક્ત ઉપક્રમે થયું હતું.

(2) દેવની મોરી **અરવલ્લી** જિલ્લાના **ભિલોડા** તાલુકામાં આવેલું છે.

## ICE ? Questions

1. ગુજરાતમાં ઓવર સ્પીડથી ચાલતા વાહનો પર બ્રેક લગાવવા માટે ટ્રાફિક પોલીસને શેનાથી સજ્જ કરવામાં આવશે ?
(A) સ્પીડ મીટર (B) સ્પીડ કંટ્રોલ યુનિટ
(C) સ્પીડ ગન (D) સ્પીડ મોનિટર **(C)**

2. ગુજરાતમાં ઓવર સ્પીડથી ચાલતા વાહનો પર બ્રેક લગાવવા માટે ગુજરાત સરકારે કેટલી સ્પીડ ગન ખરીદી છે ?
(A) 33 (B) 35 (C) 39 (D) 50 **(C)**

3. ગુજરાતમાં ઓવર સ્પીડથી ચાલતા વાહનો પર બ્રેક લગાવવા માટે કયા દેશ પાસેથી 39 સ્પીડ ગન ખરીદવામાં આવી છે ?
(A) અમેરિકા (B) ઈઝરાયેલ (C) રશિયા (D) ફ્રાન્સ **(A)**

4. ગુજરાતમાં ઓવર સ્પીડથી ચાલતા વાહનો પર બ્રેક લગાવવા માટે વિકસાવેલી સ્પીડ ગનની વિશેષતાના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
(1) એક ગનની કિંમત રૂ. 10 લાખ છે.
(2) આ હાઈટેક ગન 5 કિલોમીટર દૂરથી જ એક સેકન્ડમાં ત્રણ વાહનોની ઝડપ માપી શકે છે.
(3) તે 0 થી 320 કિમી/પ્રતિ કલાક સુધીની ઝડપ માપી શકે છે.
(4) તેમાં ઈ–મેમો, ફોટો સાથેનો મેમો તથા વીડિયો રેકોર્ડિંગની સુવિધા છે.
Ans. : (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 3, 4 (D) 2, 3, 4 **(C)**

5. ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા ગુજરાતના કેટલા સ્થળોને બુદ્ધિસ્ટ સર્કિટ તરીકે વિકસાવવાની યોજના હાથ ધરવામાં આવી છે ?
(A) 10 (B) 12 (C) 13 (D) 15 **(C)**

6. ગુજરાતના 13 જેટલા પ્રવાસન સ્થળોને આંતરરાષ્ટ્રીય બુદ્ધિસ્ટ સર્કિટ તરીકે વિકસાવવા માટે ગુજરાત સરકાર દ્વારા કોની સાથે કરાર કરવામાં આવ્યા છે ?
(A) ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ ફેડરેશન (B) ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ ફાઉન્ડેશન
(C) ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ કોન્ફરન્સ (D) ઈન્ટરનેશનલ બુદ્ધિસ્ટ કાઉન્સિલ **(A)**

7. નીચેનામાંથી કયું જોડકું સાચું નથી ?
(A) બાબા પ્યારેની ગુફાઓ – જૂનાગઢ (B) સાના ગુફાઓ – ગીર સોમનાથ
(C) સિયોત ગુફાઓ – કચ્છ (D) ખંભાલિડા ગુફાઓ – પ્રભાસ પાટણ **(D)**

8. ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય બુદ્ધિસ્ટ સર્કિટ અંતર્ગતના 13 સ્થળો પૈકી કયા સ્થળને ગ્લોબલ બુદ્ધિસ્ટ સ્પિરિચ્યુઅલ સ્થળ રૂપે વિકસાવવામાં આવશે ?
(A) બુદ્ધિસ્ટ ગુફાઓ – પ્રભાસ પાટણ
(B) બુદ્ધિસ્ટ ગુફાઓ – વડનગર
(C) બુદ્ધિસ્ટ ગુફાઓ – તારંગા હિલ, મહેસાણા
(D) દેવની મોરી **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

9. ગુજરાતમાં ભગવાન બુદ્ધ સાથે સંકળાયેલું પ્રસિદ્ધ સ્થળ દેવની મોરી ગુજરાતના કયા જિલ્લાના કયા તાલુકામાં આવેલું છે ?

(A) સાબરકાંઠા જિલ્લાના શામળાજી તાલુકામાં (B) અરવલ્લી જિલ્લાના શામળાજી તાલુકામાં
(C) અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં (D) અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં **(D)**

10. ભગવાન બુદ્ધના સ્તૂપ, ચૈત્ય અને વિહાર માટે પ્રસિદ્ધ દેવની મોરી કઈ નદીના કિનારે આવેલું છે ?

(A) સાબરમતી (B) નર્મદા (C) મેશ્વો (D) તાપી **(C)**

## 20 JUNE, 2019 THURSDAY

### ➤ દિવસ મહિમા : 20 જૂન, વિશ્વ શરણાર્થી દિવસ (World Refugee Day)

સમગ્ર વિશ્વમાં શરણાર્થીઓની સ્થિતિ અંગે જાગૃતિ લાવવા માટે દર વર્ષે 20 જૂનના રોજ 'વર્લ્ડ રેફ્યુજી ડે'ની ઉજવણી કરવામાં આવે છે.

- 4 ડિસેમ્બર, 2000ના રોજ યુનાઈટેડ નેશન્સ દ્વારા આ દિવસની ઉજવણી માટેની મંજૂરી આપવામાં આવી હતી.
- વર્ષ 2019ની 'વર્લ્ડ રેફ્યુજી ડે'ની થીમ 'Take A Step On World Refugee Day' છે.

### ➤ ભારતમાં ટ્રાન્સપોર્ટ વાહન ચાલકો માટે ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત હવે જરૂરી રહેશે નહિ



ભારત સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય દ્વારા ભારતમાં ટ્રાન્સપોર્ટ વાહન ચાલકો માટે ન્યૂનતમ શૈક્ષણિક લાયકાતની આવશ્યકતા હટાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

- અત્યાર સુધી ભારતમાં Central Motor Vehicle Rules, 1989 (કેન્દ્રીય મોટર વાહન નિયમો, 1989)ના Rule 8 મુજબ ટ્રાન્સપોર્ટ વાહનના ડ્રાઈવરે ધોરણ 8 પાસ હોવું જરૂરી હતું.
- આથી, ઓછામાં ઓછું ધોરણ 8 પાસ વ્યક્તિ જ ભારતમાં ટ્રાન્સપોર્ટ વાહન ચલાવી શકતા હતા.
- જોકે, કેન્દ્ર સરકારે હવે ધોરણ 8 પાસની શૈક્ષણિક લાયકાત દૂર કરવાનો નિર્ણય કર્યો છે.
- આથી, ભારતમાં હવે ટ્રાન્સપોર્ટ વાહન ચલાવવા માટે શૈક્ષણિક લાયકાતની જરૂરિયાત રહેશે નહિ.
- આ માટે નિયમોમાં સુધારો કરીને આ અંગેનું જાહેરનામું હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

#### સરકારના આ નિર્ણયથી લાભ

સરકારના આ નિર્ણયથી ભારતમાં ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાં આશરે 22 લાખ જેટલા ડ્રાઈવરોની ખોટ પૂરી થશે.

- આ ઉપરાંત દેશના ગ્રામીણ ક્ષેત્રના આર્થિક તથા શૈક્ષણિક રીતે પછાત વર્ગના લાખો બેરોજગાર યુવાનોને સરકારના આ નિર્ણયથી રોજગારી મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**નોંધ :** તાજેતરમાં યોજાયેલી ટ્રાન્સપોર્ટ મંત્રાલયની બેઠકમાં હરિયાણા સરકાર દ્વારા હરિયાણાના મેવાત ક્ષેત્રના આર્થિક રીતે પછાત ડ્રાઈવરો માટે ટ્રાન્સપોર્ટ વાહનના લાઈસન્સ માટે જરૂરી ધોરણ-8 પાસની શૈક્ષણિક લાયકાત હટાવવાની માંગ કરવામાં આવી હતી.

## ➤ બાંગ્લાદેશ અને દક્ષિણ કોરિયાની ચેનલ ભારતમાં દૂરદર્શનની ફ્રી ડિશ પર બતાવવામાં આવશે

તાજેતરમાં બાંગ્લાદેશ અને દક્ષિણ કોરિયાની ચેનલ ભારતમાં દૂરદર્શનની ફ્રી ડિશ પર બતાવવા માટે સમજૂતી કરવામાં આવી છે.

### બાંગ્લાદેશની ચેનલ

ભારત તથા બાંગ્લાદેશની ચેનલ એક બીજાના દેશોમાં દર્શાવવા માટે પ્રસાર ભારતી અને બાંગ્લાદેશ ટીવી (BTV) વચ્ચે એક સમજૂતી પર હસ્તાક્ષર થયા છે.

- આ સમજૂતી મુજબ ભારત સરકાર દ્વારા બાંગ્લાદેશ ટીવીની ચેનલ BTV Worldને દૂરદર્શનની ફ્રી ડિશ પર બતાવવામાં આવશે.
- આથી બાંગ્લાદેશની આ ચેનલ ભારતના દર્શકો જોઈ શકશે. ખાસ કરીને પૂર્વ ભારતના દર્શકોને તેનાથી લાભ થશે.
- આ ઉપરાંત ભારતની દૂરદર્શનની ચેનલ D.D.India બાંગ્લાદેશમાં દર્શાવવામાં આવશે. આથી બાંગ્લાદેશના લોકો તેને જોઈ શકશે.
- સરકારના આ નિર્ણયથી ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધો મજબૂત થશે.

**નોંધ :** (1) આ અગાઉ બાંગ્લાદેશના જનક બંગ બંધુ શ્રી શેખ મુજીબુર રહેમાન વિશે ભારત અને બાંગ્લાદેશ દ્વારા સંયુક્ત રીતે એક ફિલ્મ બનાવવા ભારત બાંગ્લાદેશ વચ્ચે સમજૂતી થઈ હતી.

(2) આ ફિલ્મનું નિર્માણ ભારતના પ્રસિદ્ધ ફિલ્મ દિગ્દર્શક/નિર્માતા શ્રી શ્યામ બેનેગલ દ્વારા કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

### દક્ષિણ કોરિયાની ચેનલ

દક્ષિણ કોરિયા સરકારની અંગ્રેજી ભાષાની 24 X 7 ચેનલ KBS Worldને પણ દૂરદર્શનની ફ્રી ડિશ પર ભારતમાં દર્શાવવાના પ્રસાર ભારતીના પ્રસ્તાવને ભારત સરકારે મંજૂરી આપી દીધી છે.

- આથી, દક્ષિણ કોરિયાની ચેનલ KBS World ભારતના દર્શકો જોઈ શકશે.
- એ જ રીતે દક્ષિણ કોરિયાના લોકો પણ પોતાના દેશમાં ઘેર બેઠા જ ભારતની ચેનલ D.D.Indiaના કાર્યક્રમો જોઈ શકશે.

### ICE Questions

1. ‘વિશ્વ શરણાર્થી દિવસ’ અથવા તો 'World Refugee Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 20 જૂન (B) 21 જૂન (C) 22 જૂન (D) 23 જૂન — **(A)**

2. ભારતમાં ટ્રાન્સપોર્ટ વાહન ચાલકો માટે ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત કેટલી હતી ?
   (A) ધોરણ-7 પાસ (B) ધોરણ-8 પાસ
   (C) ધોરણ-10 પાસ (D) આવી કોઈ લાયકાત હતી જ નહિ — **(B)**

ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

3. ભારતમાં કયા મોટર વાહન અધિનિયમ મુજબ ટ્રાન્સપોર્ટ વાહનના ડ્રાઈવરે ધોરણ-8 પાસ હોવું જરૂરી છે ?
(A) Central Motor Vehicle Rules, 1979 (B) Central Motor Vehicle Rules, 1989
(C) Central Motor Vehicle Rules, 1999 (D) Central Motor Vehicle Rules, 2009
**(B)**

4. ભારતમાં સેન્ટ્રલ મોટર વ્હિકલ રુલ્સ, 1989ના કયા રુલ મુજબ ટ્રાન્સપોર્ટ વાહનના ડ્રાઈવરે ધોરણ 8 પાસ હોવું જરૂરી છે ?
(A) Rule 8 (B) Rule 9 (C) Rule 10 (D) Rule 12
**(A)**

5. ભારતમાં તાજેતરમાં યોજાયેલી ટ્રાન્સપોર્ટ મંત્રાલયની બેઠકમાં કયા રાજ્યની સરકાર દ્વારા ટ્રાન્સપોર્ટ વાહનના લાઈસન્સ માટે જરૂરી ધોરણ-8 પાસની શૈક્ષણિક લાયકાત હટાવવાની માંગ કરવામાં આવી હતી ?
(A) પંજાબ (B) ગુજરાત (C) ઉત્તરપ્રદેશ (D) હરિયાણા
**(D)**

6. તાજેતરમાં ભારતની દૂરદર્શનની ચેનલ DD Indiaને કયા દેશમાં દર્શાવવા માટે સમજૂતી થઈ છે ?
(A) બાંગ્લાદેશ અને નેપાળ (B) બાંગ્લાદેશ અને ભૂટાન
(C) બાંગ્લાદેશ અને ઉત્તર કોરિયા (D) બાંગ્લાદેશ અને દક્ષિણ કોરિયા
**(D)**

7. તાજેતરમાં બાંગ્લાદેશની ચેનલ BTV Worldને દૂરદર્શનની ફ્રી ડિશ પર બતાવવા માટે પ્રસાર ભારતીએ કોની સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે ?
(A) બાંગ્લાદેશ વિઝન (B) બાંગ્લાદેશ દર્શન (C) બાંગ્લાદેશ ટીવી (D) બાંગ્લાદેશ મીડિયા
**(C)**

8. તાજેતરમાં કયા દેશની ટીવી ચેનલ KBS World ભારતમાં દર્શાવવા માટે પ્રસાર ભારતીના પ્રસ્તાવને ભારત સરકારે મંજૂરી આપી છે ?
(A) માલદીવ (B) બાંગ્લાદેશ (C) દક્ષિણ કોરિયા (D) ઉત્તર કોરિયા
**(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS



**21 JUNE, 2019 FRIDAY**

## ➢ દિવસ મહિમા : 21 જૂન, વિશ્વ સંગીત દિવસ (World Music Day)

## 21 જૂન, વિશ્વ યોગ દિવસ (International Day of Yoga)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 21 જૂનના રોજ 'વિશ્વ યોગ દિવસ' અથવા તો 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- વર્ષ 2019માં પાંચમા 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.




### વર્ષ 2019ની વિશ્વ યોગ દિવસની થીમ

ગુજરાત સરકાર, ભારત સરકાર તથા યુનાઈટેડ નેશન્સ દ્વારા આપવામાં આવેલી વર્ષ 2019ની 'વિશ્વ યોગ દિવસ'ની થીમ આ પ્રમાણે છે :

| ક્રમ | કોના દ્વારા | કઈ થીમ આપવામાં આવી છે ? |
|---|---|---|
| 1 | ગુજરાત સરકાર | યોગ ફોર હાર્ટ કેર |
| 2 | ભારત સરકાર | Yoga for Heart Care |
| 3 | યુનાઈટેડ નેશન્સ | Yoga for Climate Action |

### વિશ્વ યોગ દિવસનો ઈતિહાસ

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 27 સપ્ટેમ્બર, 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભામાં યોગ દિવસની ઉજવણી માટેનો પ્રસ્તાવ મૂકયો હતો.

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ પ્રસ્તાવને સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા સૌથી ઓછા સમયમાં એટલે કે ફક્ત 90 દિવસમાં જ મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત 11 ડિસેમ્બર, 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્રના 177 દેશો દ્વારા 21 જૂનના રોજ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ઉજવવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.
- ત્યારબાદ સૌપ્રથમ 21 જૂન, 2015ના રોજ પ્રથમ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ યોગ દિવસ 21 જૂનના રોજ શા માટે ઉજવાય છે ?

21 જૂનનો દિવસ **ઉત્તર ગોળાર્ધ**માં વર્ષનો **સૌથી લાંબો દિવસ** હોય છે. આ ઉપરાંત આ દિવસે સૂર્યની વિશિષ્ટ સ્થિતિને કારણે યોગ માટે તેનું વિશેષ મહત્ત્વ છે.


- આથી 'વિશ્વ યોગ દિવસ' તરીકે 21 જૂનની પસંદગી કરવામાં આવી છે.

## વિશ્વ યોગ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી

21 જૂન, 2019ના રોજ **પાંચમા** 'વિશ્વ યોગ દિવસ'ની રાજ્યકક્ષાની ઉજવણી ગુજરાતમાં **અમદાવાદ** ખાતે **સરદાર પટેલ સ્ટેડિયમ**માં કરવામાં આવી હતી.

- આ કાર્યક્રમમાં ગુજરાતના રાજ્યપાલ **શ્રી ઓ. પી. કોહલી**, મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણી**, અમદાવાદના મેયર **શ્રીમતી બિજલબેન પટેલ** તથા અમદાવાદ શહેરના હજારો નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.
- આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભારતીય યોગ પરંપરાનો પ્રચાર–પ્રસાર કરવા ગુજરાતમાં **'ગુજરાત રાજ્ય યોગ બોર્ડ'**ની સ્થાપના કરવાની જાહેરાત કરી હતી.
- 21 જૂન, 2019ના રોજ ગુજરાતમાં વિવિધ ઐતિહાસિક, ધાર્મિક સ્થળો અને વ્યક્તિ વિશેષોના જન્મ સ્થળોએ પણ વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- આ ઉપરાંત આ દિવસે ગુજરાતમાં **'સ્ટેચ્યુ ઓફ યુનિટી'** ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતિમાં વિવિધ ધર્મસંપ્રદાયના આશરે 1000 જેટલા સંતો–મહંતો–ધર્મગુરૂઓની સાથે સામૂહિક **સાંધ્ય યોગ અભ્યાસ**નું આયોજન કરવામાં આવ્યું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



ICE RAJKOTની નવી Authentic Telegram ચેનલ t.me/icerajkotofficial આજે જ JOIN કરો.

## વિશ્વ યોગ દિવસની રાષ્ટ્રકક્ષાની ઉજવણી

21 જૂન, 2019ના રોજ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** **ઝારખંડ**ના **રાંચી** ખાતે આવેલા **પ્રભાત તારા મેદાન**માં આયોજિત વિશ્વ યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

- જેમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની હેઠળ આશરે 40,000 જેટલા લોકોએ વિવિધ પ્રકારના યોગાસનો કર્યા હતા.
- ઝારખંડના રાંચી ખાતે યોજાયેલા પાંચમા વિશ્વ યોગ દિવસના ઉજવણી સમારોહમાં વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** યોગ અથવા તો યોગ દિવસ માટેના **આદર્શ વાક્ય (motto)** : **'Yoga for Peace, Harmony and Progress' (શાંતિ, સદ્ભાવ અને પ્રગતિ માટે યોગ)**ની જાહેરાત કરી હતી.

**નોંધ** : (1) ભારતમાં **ઝારખંડ**ના **રાંચી** ખાતેથી જ **23 સપ્ટેમ્બર, 2018**ના રોજ **શ્રી પંડિત દીનદયાળ ઉપાધ્યાય**ની જન્મ જયંતી નિમિત્તે વિશ્વની સૌથી મોટી હેલ્થકેર યોજના **આયુષ્માન ભારત**નો શુભારંભ કરવામાં આવ્યો હતો.

(2) **ઝારખંડ**માં પ્રચલિત **' સૈરેકેલ્લા છઉ નૃત્ય '**માં વિવિધ આસનો અને મુદ્રાઓને વ્યક્ત કરવામાં આવે છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ કક્ષાએ યોગ દિવસની ઉજવણી

21 જૂન, 2019ના રોજ સમગ્ર વિશ્વના આશરે 191 દેશોમાં આવેલા ભારતના દૂતાવાસો કોન્સ્યુલેટમાં યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

- આ ઉપરાંત વિશ્વના 120 દેશોમાં 500થી વધુ સ્થળોએ યોગ દિવસ ઉજવાયો હતો.
- ઈતિહાસમાં **સૌપ્રથમ વખત સંયુક્ત રાષ્ટ્રની મહાસભાના હોલ**માં પણ આ પાંચમા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.



## ➤ Prime Minister's Awards for Outstanding Contribution for Promotion and Development of Yoga - 2019

**20 જૂન, 2019**ના રોજ ભારત સરકારના **આયુષ મંત્રાલય** દ્વારા વર્ષ **2019**ના **'યોગના વિકાસ અને પ્રોત્સાહનમાં ઉત્કૃષ્ટ યોગદાન માટેના પ્રધાનમંત્રી પુરસ્કાર'** વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી. જેમના નામ આ પ્રમાણે છે :

**યોગ માટેના પ્રધાનમંત્રી પુરસ્કાર 2019 વિજેતા**

| ક્રમ | નામ | કેટેગરી |
|---|---|---|
| 1 | સ્વામી શ્રી રાજર્ષી મુનિ | વ્યક્તિગત–રાષ્ટ્રીય |
| 2 | સુશ્રી એન્ટોનિટા રોઝી | વ્યક્તિગત–આંતરરાષ્ટ્રીય |
| 3 | બિહાર સ્કૂલ ઓફ યોગ | સંગઠન–રાષ્ટ્રીય |
| 4 | જાપાન યોગ નિકેતન | સંગઠન–આંતરરાષ્ટ્રીય |

### (1) સ્વામી શ્રી રાજર્ષી મુનિ :



**સ્વામી શ્રી રાજર્ષી મુનિ** ગુજરાતના **લીંબડી** પાસે આવેલા **જાખણ** સ્થિત **'રાજરાજેશ્વર ધામ'**ના પ્રસિદ્ધ યોગી છે.

- તેમણે 1971માં સ્વામી શ્રી કૃપાલ્વાનંદ પાસેથી દીક્ષા લીધી હતી.
- તેમણે 1993માં **Lakulish International Fellowship's Enlighenment Mission (LIFE MISSION)**ની સ્થાપના કરી હતી.
- અગાઉ ઉચ્ચ સનદી અધિકારી રહી ચૂકેલા પરમ યોગી શ્રી રાજર્ષી મુનિ ગુજરાતમાં **કાયાવરોહણ** તીર્થ સ્થિત **લકુલીશ યોગ વિદ્યાપીઠ**ના સંવર્ધક છે અને લાઈફ મિશનના માધ્યમથી યોગ સંસ્કૃતિને વિસ્તારી રહ્યા છે.

### (2) સુશ્રી એન્ટોનિટા રોઝી લેરિસી :



**સુશ્રી એન્ટોનિટા રોઝી લેરિસી ઇટલી**ના પ્રસિદ્ધ **યોગ શિક્ષિકા** છે.

- યોગના ક્ષેત્રમાં તેઓ 42 વર્ષથી વધુ અનુભવ ધરાવે છે.
- તેઓ સ્વામી શિવાનંદ યોગ પરંપરાના શિષ્યા છે.
- યોગ પ્રત્યેના સમર્પણ માટે તેઓ સમગ્ર વિશ્વમાં પ્રસિદ્ધ છે.

### (3) બિહાર સ્કૂલ ઓફ યોગ :





**બિહાર સ્કૂલ ઓફ યોગ, મુંગેર**ની સ્થાપના **1964**માં **શ્રી સ્વામી સત્યાનંદ સરસ્વતી** દ્વારા કરવામાં આવી હતી.

- આ સંસ્થા ભારતની પરંપરાગત વેદાંતી, તાંત્રિક તથા યોગિક પદ્ધતિના વર્તમાન શારીરિક માનસિક સ્વાસ્થ્ય વિજ્ઞાન સાથેના સમન્વયથી વિવિધ યોગ ટેક્નિકો વિકસાવવા માટે પ્રસિદ્ધ છે.
- આ ઉપરાંત આ સંસ્થા પ્રસિદ્ધ હોસ્પિટલો, સંસ્થાઓ અને સંગઠનની મદદથી વિવિધ યોગ પ્રોજેક્ટ્સ ચલાવે છે તથા વિવિધ તબીબી સંશોધનનું કાર્ય પણ કરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### (4) જાપાન યોગ નિકેતન :

જાપાન યોગ નિકેતનની સ્થાપના 1980માં થઈ હતી.

- જાપાનમાં યોગના વિકાસમાં તેનું મહત્ત્વનું યોગદાન છે.
- આ સંસ્થા ભારતમાં ઋષિકેશ ખાતે આવેલી યોગ નિકેતન તથા બેંગાલુરુ ખાતે આવેલી એસ-વ્યાસ યોગ યુનિવર્સિટીના સહયોગથી કાર્ય કરે છે.
- જાપાનમાં સંસ્થાકીય સર્ટિફાઈડ યોગ પ્રોફેશનલ્સ તૈયાર કરવામાં આ સંસ્થાની મહત્ત્વની ભૂમિકા છે.



### યોગ માટે પ્રધાનમંત્રી પુરસ્કાર

યોગના વિકાસ તથા પ્રોત્સાહન માટે ઉત્કૃષ્ટ યોગદાન બદલ ભારત સરકાર દ્વારા દર વર્ષે 'Prime Minister's Awards for Outstanding Contribution for Promotion and Development of Yoga' પુરસ્કાર એનાયત થાય છે.

- કેટલાક મીડિયા દ્વારા તેને 'પ્રધાનમંત્રી યોગ રત્ન એવોર્ડ' તરીકે પણ ઓળખાવવામાં આવે છે.
- 21 જૂન, 2016ના રોજ બીજા આંતરરાષ્ટ્રીય યોગ સમારોહ દરમિયાન ચંદીગઢ ખાતેથી ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ એવોર્ડ શરૂ કરવાની જાહેરાત કરી હતી.
- ત્યારબાદ ભારતમાં વર્ષ 2017થી આ પુરસ્કારનો પ્રારંભ થયો હતો.
- ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા આ પુરસ્કારનું સંચાલન થાય છે.
- અને આયુષ મંત્રાલય દ્વારા દર વર્ષે 'વિશ્વ યોગ દિવસ'ની પૂર્વ સંધ્યાએ 20 જૂનના રોજ આ પુરસ્કાર વિજેતાઓની જાહેરાત કરવામાં આવે છે.
- આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને એક ટ્રોફી, પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.
- જેમાં આ પુરસ્કાર અંતર્ગત દરેક વિજેતાને રૂ. 25 લાખ કેશ આપવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ➤ રાષ્ટ્રીય યોગ ઓલિમ્પિયાડ 2019

તાજેતરમાં જૂન 2019 દરમિયાન NCERT દ્વારા નવી દિલ્હી ખાતે સ્કૂલના બાળકો માટે રાષ્ટ્રીય યોગ ઓલિમ્પિયાડ 2019નું આયોજન કરવામાં આવ્યું હતું.

- NCERT દ્વારા ભારતમાં યોજાયેલો આ ચોથો રાષ્ટ્રીય યોગ ઓલિમ્પિયાડ હતો.
- જેમાં ભારતના અનેક રાજ્યોના 500થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- ભારતમાં સ્કૂલના બાળકોમાં યોગ પ્રત્યે જાગૃતિ લાવવાના તેમજ તેમનામાં ટીમ ભાવના અને આત્મવિશ્વાસ વધારવા માટે આ યોગ ઓલિમ્પિયાડનું આયોજન કરવામાં આવે છે.

**નોંધ :** (1) મુખ્ય ચાર કેટેગરીમાં એનાયત થયેલા આ ઓલિમ્પિયાડના મેડલોમાંથી ઉચ્ચ પ્રાથમિક સ્કૂલના છોકરાઓની કેટેગરીમાં ગુજરાતની ટીમને ગોલ્ડ મેડલ મળ્યો હતો.

(2) NCERTનું પૂરું નામ National Council of Educational Research And Training છે.

## ICE Questions

1. તાજેતરમાં 21 જૂન, 2019ના રોજ કેટલામા 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે ?
(A) સાતમા (B) ત્રીજા (C) પાંચમા (D) ચોથા **(C)**

2. યુનાઈટેડ નેશન્સ દ્વારા આપવામાં આવેલી વર્ષ 2019ના 'વિશ્વ યોગ દિવસ'ની થીમ શું હતી ?
(A) Yoga for Health (B) Yoga for world
(C) Yoga for Nature (D) Yoga for Climate Action **(D)**

3. ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી વર્ષ 2019ની 'વિશ્વ યોગ દિવસ'ની થીમ શું હતી ?
(A) Yoga for Peace (B) Yoga for Health Care
(C) Yoga for Heart Care (D) Yoga for Nature **(C)**

4. 'વિશ્વ યોગ દિવસ'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાન સાચા છે ?
1. શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા 27 સપ્ટેમ્બર, 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્રમાં તેની ઉજવણીનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.
2. 11 ડિસેમ્બર, 2014ના રોજ સંયુક્ત રાષ્ટ્રના 177 દેશો દ્વારા યોગ દિવસની ઉજવણીના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.
3. સૌપ્રથમ 21 જૂન, 2015ના રોજ પ્રથમ 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.
Ans. : (A) 1 અને 2 (B) 1 અને 3 (C) 2 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

5. 21 જૂન, 2019ના રોજ ગુજરાતમાં 'વિશ્વ યોગ દિવસ'ની રાજ્ય કક્ષાની ઉજવણી કયાં કરવામાં આવી હતી ?
(A) મહાત્મા મંદિર, ગાંધીનગર (B) હેલિપેડ ગ્રાઉન્ડ, ગાંધીનગર
(C) GMDC ગ્રાઉન્ડ, અમદાવાદ (D) સરદાર પટેલ સ્ટેડિયમ, અમદાવાદ **(D)**

6. 21 જૂન, 2019ના રોજ 'વિશ્વ યોગ દિવસ' નિમિત્તે ગુજરાતમાં કઈ જગ્યાએ યોજાયેલા સાંધ્ય યોગ અભ્યાસમાં આશરે 1000થી વધુ સાધુ–સંતો સાથે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભાગ લીધો હતો ?
(A) દેવભૂમિ દ્વારકા (B) સોમનાથ (C) સ્ટેચ્યુ ઓફ યુનિટી (D) અંબાજી **(C)**

7. 21 જૂન, 2019ના રોજ પાંચમા 'વિશ્વ યોગ દિવસ' નિમિત્તે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ ભારતીય યોગ પરંપરાના પ્રચાર–પ્રસાર માટે ગુજરાતમાં કયા બોર્ડની સ્થાપના કરવાની જાહેરાત કરી હતી ?
(A) ગુજરાત રાજ્ય યોગ બોર્ડ (B) ગુજરાત યોગ વિકાસ બોર્ડ
(C) ગુજરાત નેશનલ યોગ બોર્ડ (D) ગુજરાત ઈન્ટરનેશનલ યોગ બોર્ડ **(A)**

8. 21 જૂન, 2019ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતમાં કઈ જગ્યાએ યોજાયેલા 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી સમારોહમાં ભાગ લીધો હતો ?
(A) શ્રી ચંદ્રશેખર આઝાદ મેદાન, દહેરાદૂન (ઉત્તરાખંડ)
(B) પ્રભાત તારા મેદાન, રાંચી (ઝારખંડ)
(C) રામલીલા મેદાન, નવી દિલ્હી
(D) પંડિત દીનદયાળ ઉપાધ્યાય મેદાન, વારાણસી (ઉત્તરપ્રદેશ) **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

| | | |
|---|---|---|
| 9. | 21 જૂન, 2019ના રોજ પાંચમા 'વિશ્વ યોગ દિવસ' નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જાહેર કરેલું યોગ અથવા તો યોગ દિવસનું આદર્શ વાક્ય શું છે ?<br>(A) Yoga for Heart Care<br>(B) Yoga for Peace, Harmony and Progress<br>(C) Yoga for Peace, Health and Nature<br>(D) ત્રણમાંથી કોઈ નહિ | (B) |
| 10. | વિવિધ આસનો અને મુદ્રાઓ જેમાં વ્યક્ત થાય છે એવું 'સેરૈકેલ્લા છઉ નૃત્ય' ભારતના કયા રાજ્યમાં પ્રચલિત છે ?<br>(A) ઉત્તરાખંડ (B) હરિયાણા (C) ઝારખંડ (D) કર્ણાટક | (C) |
| 11. | ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા 'યોગના વિકાસ અને પ્રોત્સાહનમાં ઉત્કૃષ્ટ યોગદાન માટેના પ્રધાનમંત્રી પુરસ્કાર 2019' વિજેતાની યાદીમાં નીચેનામાંથી કયો વિકલ્પ સાચો નથી ?<br>(A) સ્વામી શ્રી રાજર્ષી મુનિ : વ્યક્તિગત–રાષ્ટ્રીય કેટેગરીમાં પુરસ્કાર<br>(B) સુશ્રી એન્ટોનિટા રોઝી : વ્યક્તિગત–આંતરરાષ્ટ્રીય કેટેગરીમાં પુરસ્કાર<br>(C) બિહાર સ્કૂલ ઓફ યોગ : સંગઠન–રાષ્ટ્રીય કેટેગરીમાં પુરસ્કાર<br>(D) ઈટલી યોગ નિકેતન : સંગઠન–આંતરરાષ્ટ્રીય કેટેગરીમાં પુરસ્કાર | (D) |
| 12. | ભારતમાં એનાયત થતા 'યોગના વિકાસ અને પ્રોત્સાહનમાં ઉત્કૃષ્ટ યોગદાન માટેના પ્રધાનમંત્રી પુરસ્કાર'ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?<br>1. 21 જૂન 2016ના રોજ ચંદીગઢ ખાતેથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ પુરસ્કાર શરૂ કરવાની જાહેરાત કરી હતી.<br>2. ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા આ પુરસ્કાર જાહેર કરવામાં આવે છે.<br>3. આ પુરસ્કાર વિજેતાને રૂ. 20 લાખ કેશ આપવામાં આવે છે.<br>Ans. : (A) 1, 2, 3 (B) 1, 2 (C) 2, 3 (D) 1, 3 | (B) |
| 13. | તાજેતરમાં જૂન 2019 દરમિયાન ભારતમાં 'રાષ્ટ્રીય યોગ ઓલિમ્પિયાડ 2019'નું આયોજન કયાં થયું હતું ?<br>(A) રાંચી (B) નવી દિલ્હી (C) સ્ટેચ્યુ ઓફ યુનિટી (D) બેંગાલુરુ | (B) |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 22 JUNE, 2019 SATURDAY

### ➤ પ્રધાનમંત્રી કિસાન પેન્શન યોજના

ભારતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નવી સરકારની રચના બાદ ભારતમાં કિસાનો માટે નવી 'પ્રધાનમંત્રી કિસાન પેન્શન યોજના' શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

- ભારતમાં કિસાનો માટેની આ એક બૃહદ પેન્શન યોજના છે.

## આ યોજનાનો ઉદ્દેશ શું છે ?



પ્રધાનમંત્રી કિસાન પેન્શન યોજનાનો મુખ્ય ઉદ્દેશ ભારતમાં કિસાનોને **વૃદ્ધાવસ્થા દરમિયાન સામાજિક સુરક્ષા** ઉપલબ્ધ કરાવવાનો છે.

- આ યોજના અંતર્ગત ભારતમાં ઓછામાં ઓછા આશરે 5 કરોડ જેટલા ખેડૂતોને આ યોજનાનો લાભ અપાવવાની સરકારની યોજના છે.

## આ યોજનાથી શું લાભ થશે ?

આ યોજનાથી લાભાર્થી ખેડૂતને 60 વર્ષની ઉંમરથી દર મહિને ઓછામાં ઓછું રૂ. 3000 પેન્શન આપવામાં આવશે.

- આ યોજના માટે સરકારને દર વર્ષે આશરે રૂ. 10,775 કરોડ જેટલો ખર્ચ થવાની સંભાવના છે.

## આ યોજનાનો લાભ લેવા માટે કેટલી રકમ ચૂકવવી પડશે ?

18 થી 40 વર્ષ સુધીની ઉંમર ધરાવતા ખેડૂતો આ યોજનાનો લાભ લઈ શકશે.

- આ માટે ખેડૂતે દર મહિને કેટલીક નિશ્ચિત રકમ પોતાના પેન્શન ખાતામાં જમા કરાવવાની રહેશે.
- લાભાર્થી દર મહિને જેટલી રકમ ચૂકવશે તેની સામે સરકાર પણ તેના પેન્શન ખાતામાં તેટલી રકમ જમા કરાવશે.
- આ માટે ખેડૂતોએ તેમની ઉંમર પ્રમાણે તેમના પેન્શન ખાતામાં દર મહિને સંભવતઃ નીચે પ્રમાણેની રકમ ચૂકવવી પડશે :
- આ માટે લાભાર્થી ખેડૂતે તેમની કાર્યશીલ ઉંમર દરમિયાન દર મહિને 55 થી 200 રૂપિયા સુધીની રકમ જમા કરાવવી પડશે.
- જો કોઈ ખેડૂત 18 વર્ષની ઉંમરથી જ આ યોજનામાં જોડાય તો તેમણે દર મહિને ફક્ત 55 રૂપિયા જ આપવાના રહેશે.
- અને જો કોઈ ખેડૂત 29 વર્ષની ઉંમરથી આ યોજનામાં જોડાય તો તેમણે દર મહિને રૂ.100 અને 40 વર્ષની ઉંમરથી આ યોજનામાં જોડાય તો તેમણે દર મહિને રૂ. 200 ચૂકવવાના રહેશે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

**આ યોજનામાં સંભવત : લાભાર્થીએ ચૂકવવાની રકમ**

| Entry Age | દર મહિને ચૂકવવાની રકમ (રૂપિયામાં) |
|---|---|
| 18 | 55 |
| 20 | 61 |
| 25 | 80 |
| 29 | 100 |
| 30 | 105 |
| 35 | 150 |
| 40 | 200 |

**નોંધ :** (1) આ યોજના માટે ફંડ મેનેજર LIC ઓફ ઈન્ડિયા રહેશે.

(2) આ યોજના અંગે વધુ વિગત હવે પછી જાહેર થશે.

## ➤ 17મી લોકસભાનું પ્રથમ સત્ર

ભારતમાં 17 જૂનથી 26 જુલાઈ 2019 દરમિયાન **17મી લોકસભાના પ્રથમ સત્ર**નું આયોજન કરવામાં આવ્યું છે.

- આ સત્રમાં **30 બેઠકો** યોજાશે.

### સંસદના સત્ર

ભારતીય બંધારણના **અનુચ્છેદ 85** અનુસાર ભારતમાં વડાપ્રધાનની સલાહથી ભારતના **રાષ્ટ્રપતિ** સમયાંતરે સંસદનું સત્ર બોલાવે છે.

- સંસદના બે સત્રો વચ્ચે **6 મહિનાથી વધુ** સમયગાળો ન હોવો જોઈએ. અર્થાત્ વર્ષમાં ઓછામાં ઓછા **બે સત્રો** યોજાવા જોઈએ.
- ભારતમાં સામાન્ય રીતે એક વર્ષમાં સંસદના **ત્રણ સત્રો** યોજાય છે.
  (1) બજેટ સત્ર : ફેબ્રુઆરીથી મે
  (2) ચોમાસુ સત્ર : જુલાઈથી સપ્ટેમ્બર
  (3) શિયાળુ સત્ર : નવેમ્બર અને ડિસેમ્બર

**નોંધ :** સંસદના બે સત્ર વચ્ચેના ખાલી સમયગાળાને **'સત્રાવકાશ'** તરીકે ઓળખવામાં આવે છે.

### રાષ્ટ્રપતિ દ્વારા પ્રોટેમ સ્પીકરને શપથ

ભારતમાં 17 જૂન, 2019ના રોજ નવી લોકસભાના ગૃહની કાર્યવાહી શરૂ થાય એ પહેલા જ ભારતના રાષ્ટ્રપતિ **શ્રી રામનાથ કોવિંદે ડૉ. વીરેન્દ્ર કુમાર**ને 17મી લોકસભાના **પ્રોટેમ સ્પીકર** તરીકેના શપથ અપાવ્યા હતા.

- ડૉ. વીરેન્દ્ર કુમાર **મધ્યપ્રદેશ**ની **ટિકમગઢ** લોકસભા બેઠકના ભાજપના સાંસદ છે.
- તેઓ 11મી, 12મી, 13મી, 14મી, 15મી, 16મી અને તાજેતરમાં 17મી લોકસભામાં **સતત સાતમી વખત** લોકસભાના સાંસદ તરીકે ચૂંટાઈને આવ્યા છે.

### પ્રોટેમ સ્પીકર દ્વારા લોકસભાના સભ્યોને શપથ

17 જૂન, 2019ના રોજ રાષ્ટ્રપતિ પાસેથી પ્રોટેમ સ્પીકર તરીકેના શપથ ગ્રહણ કર્યા બાદ, 17મી લોકસભાના પ્રથમ સત્રના પહેલા બે દિવસ ડૉ. વીરેન્દ્ર કુમારે **વડાપ્રધાન**, **મંત્રીપરિષદ**ના સભ્યો તેમજ લોકસભાના **અન્ય સભ્યો** સહિત લોકસભામાં **ચૂંટાયેલા તમામ સભ્યો**ને લોકસભાના સભ્ય તરીકેના શપથ અપાવ્યા હતા.

- ભારતમાં વડાપ્રધાન તથા તેમની મંત્રીપરિષદને **તેમના હોદ્દાના** એટલે કે **વડાપ્રધાન તથા મંત્રી તરીકે**ના શપથ ભારતના **રાષ્ટ્રપતિ** અપાવે છે.
- જ્યારે વડાપ્રધાન, મંત્રીપરિષદ તેમજ અન્ય સભ્યો સહિત લોકસભામાં ચૂંટાયેલા તમામ સભ્યોને **લોકસભાના સભ્ય તરીકે**ના શપથ **પ્રોટેમ સ્પીકર** અપાવે છે.

### લોકસભાના સભ્યો કઈ ભાષામાં શપથ લઈ શકે છે ?

ભારતમાં લોકસભાના સભ્યો **અંગ્રેજી** ઉપરાંત ભારતના બંધારણની **8મી અનુસૂચિ**માં સમાવેશ પામેલ **22 ભાષાઓમાંથી કોઈપણ ભાષા**માં શપથ લઈ શકે છે.

- તાજેતરમાં લોકસભામાં શપથવિધિ દરમિયાન **બિહાર**ના ભાજપના સાંસદ **શ્રી જનાર્દન સિંહ સિગ્રિવાલે ભોજપુરી** ભાષામાં શપથ લેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- પરંતુ બંધારણની 8મી અનુસૂચિમાં સમાવેશ પામેલ 22 ભાષાઓમાં ભોજપુરી ભાષાનો સમાવેશ થતો ન હોવાથી લોકસભાના સેક્રેટરીએ તેમને ભોજપુરી સિવાય અન્ય ભાષામાં શપથ લેવા જણાવ્યું હતું.

## ભારતીય બંધારણની 8મી અનુસૂચિમાં સમાવેશ પામેલી 22 ભાષાઓ

(1) આસામી (2) બંગાળી (3) ગુજરાતી (4) હિન્દી (5) કન્નડ (6) કાશ્મીરી (7) કોંકણી (8) મલયાલમ (9) મણિપુરી (10) નેપાળી (11) ઓરિયા (12) મરાઠી (13) પંજાબી (14) સંસ્કૃત (15) સિંધિ (16) તમિલ (17) તેલુગુ (18) ઉર્દૂ (19) બોડો (20) સંથાલી (21) મૈથિલી (22) ડોગરી

## પ્રોટેમ સ્પીકર (કાર્યકારી અધ્યક્ષ) અંગે બંધારણીય જોગવાઈ

### પ્રોટેમ સ્પીકરની નિમણૂક

ભારતમાં **રાષ્ટ્રપતિ** દ્વારા પ્રોટેમ સ્પીકરની નિમણૂક કરવામાં આવે છે.

- સામાન્ય રીતે લોકસભાના **સૌથી વરિષ્ઠ સભ્ય**ની આ પદ માટે પસંદગી કરવામાં આવે છે.

### પ્રોટેમ સ્પીકરને શપથ

ભારતમાં લોકસભાના **પ્રોટેમ સ્પીકર**ને પ્રોટેમ સ્પીકર તરીકેના શપથ **રાષ્ટ્રપતિ** અપાવે છે.

- જ્યારે લોકસભાના **સ્પીકર**ને લોકસભાના સ્પીકર તરીકેના **શપથ લેવાના હોતા નથી**.

### પ્રોટેમ સ્પીકરના કાર્યો

ભારતમાં પ્રોટેમ સ્પીકરને લોકસભાના સ્પીકર જેવી જ શક્તિઓ પ્રાપ્ત થાય છે.

- તેઓ નવી લોકસભાની **પ્રથમ બેઠક**માં લોકસભાના અધ્યક્ષ હોય છે.
- પ્રોટેમ સ્પીકરનું મુખ્ય કાર્ય **નવી લોકસભાના ચૂંટાયેલા સભ્યોને શપથ અપાવવાનું** છે.
- તેઓ લોકસભાના નવા સ્પીકરની ચૂંટણીમાં મદદ કરે છે.

### પ્રોટેમ સ્પીકરની મુદત

**'પ્રોટેમ'** એ લેટિન ભાષાનો શબ્દ છે. અને તે **'પ્રો ટૈમ્પોર'**નું સંક્ષિપ્ત રૂપ છે.

- જેનો અર્થ થાય છે **'થોડા સમય માટે'**.
- આમ, પ્રોટેમ સ્પીકરની મુદત નામ પ્રમાણે જ **અલ્પકાલિક** હોય છે.
- **જ્યારે લોકસભાના નવા સ્પીકરની નિમણૂક થાય છે ત્યારે** પ્રોટેમ સ્પીકરનું પદ આપો આપ જ સમાપ્ત થઈ જાય છે.
- આથી, જ્યાં સુધી લોકસભાના સ્થાયી સ્પીકરની ચૂંટણી ન થાય ત્યાં સુધી તેઓ કાર્યરત રહે છે.

## લોકસભાના 17મા સ્પીકર (અધ્યક્ષ) તરીકે શ્રી ઓમ બિરલાની પસંદગી



ભારતમાં 17મી લોકસભાના પ્રથમ સત્રમાં 19 જૂન 2019ના રોજ ભારતના **17મા સ્પીકર** તરીકે **શ્રી ઓમ બિરલા**ની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી છે.

- આ અગાઉ 18 જૂન 2019ના રોજ શ્રી ઓમ બિરલાએ લોકસભાના સ્પીકર બનવા માટે **NDA**ના ઉમેદવાર તરીકે ઉમેદવારી પત્રક ભર્યું હતું.
- જોકે તેમની સામે વિપક્ષ દ્વારા કોઈ ઉમેદવાર ઉભો રાખવામાં આવ્યો ન હતો.
- આથી, શ્રી ઓમ બિરલા સર્વાનુમતે લોકસભાના નવા સ્પીકર તરીકે પસંદગી પામ્યા છે.

## શ્રી ઓમ બિરલા

શ્રી ઓમ બિરલા <u>રાજસ્થાન</u>ની <u>કોટા-બુંદી</u> લોકસભા બેઠક પરથી ભારતીય જનતા પાર્ટીના વર્તમાન સાંસદ છે.

- તેઓ લોકસભાના સભ્ય તરીકે રાજસ્થાનની કોટા–બુંદી બેઠક પરથી <u>સતત બીજી વખત</u> ચૂંટાઈને આવ્યા છે.
- એ અગાઉ વર્ષ 2003થી 2014 દરમિયાન તેઓ <u>રાજસ્થાન</u>માં <u>કોટા દક્ષિણ</u>ની વિધાનસભા બેઠક પરથી <u>ત્રણ વખત</u> ધારાસભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા હતા.
- 23 નવેમ્બર 1962ના રોજ <u>રાજસ્થાન</u>ના <u>કોટા</u>માં તેમનો જન્મ થયો હતો.

## લોકસભાના સ્પીકર (અધ્યક્ષ) અંગે બંધારણીય જોગવાઈ

ભારતીય બંધારણના <u>અનુચ્છેદ 93થી 97</u> અંતર્ગત <u>લોકસભાના પદાધિકારીઓની જોગવાઈ</u> કરવામાં આવી છે.

- ભારતમાં લોકસભાના મુખ્ય બે પદાધિકારીઓમાં <u>લોકસભાના અધ્યક્ષ (સ્પીકર)</u> અને <u>લોકસભાના ઉપાધ્યક્ષ</u>નો સમાવેશ થાય છે.
- ભારતીય બંધારણના <u>અનુચ્છેદ 93</u> અંતર્ગત લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પદ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
- <u>લોકસભાના અધ્યક્ષ</u> અને <u>ઉપાધ્યક્ષ</u> ઉપરાંત લોકસભાની કાર્યવાહી માટે <u>લોકસભાના સભ્યોની એક સમિતિ</u>ની પણ રચના કરવામાં આવે છે. જે જરૂર પડયે લોકસભાના અધ્યક્ષ અથવા તો ઉપાધ્યક્ષના કાર્યો કરે છે.

## લોકસભાના અધ્યક્ષની પસંદગી

ભારતમાં <u>રાજ્યસભાના સભાપતિ</u> (અર્થાત્ <u>ઉપરાષ્ટ્રપતિ</u>) રાજ્યસભાના સભ્ય હોતા નથી.

- જ્યારે <u>લોકસભાના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષ</u> લોકસભાના સભ્ય હોય છે.
- ભારતમાં લોકસભાના ચૂંટાયેલા સભ્યોમાંથી જ લોકસભાના ચૂંટાયેલા સભ્યો દ્વારા લોકસભાના અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષની સર્વાનુમતે અથવા તો ચૂંટણી દ્વારા પસંદગી કરવામાં આવે છે.

## લોકસભાના અધ્યક્ષની ચૂંટણીની તારીખ

ભારતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી બાદ ભારતના <u>રાષ્ટ્રપતિ</u> દ્વારા નક્કી કરવામાં આવેલા દિવસે <u>લોકસભાના અધ્યક્ષની ચૂંટણી</u> કરવામાં આવે છે.

- જ્યારે ભારતમાં <u>લોકસભાના ઉપાધ્યક્ષ</u>ની ચૂંટણીની તારીખ <u>લોકસભાના અધ્યક્ષ</u> નક્કી કરે છે.
- આથી, ભારતમાં <u>લોકસભાના અધ્યક્ષ</u>ની ચૂંટણી <u>રાષ્ટ્રપતિ</u> દ્વારા નક્કી કરવામાં આવેલી તારીખે થાય છે, જ્યારે <u>લોકસભાના ઉપાધ્યક્ષ</u>ની ચૂંટણી <u>લોકસભાના અધ્યક્ષ</u> દ્વારા નક્કી કરવામાં આવેલી તારીખે થાય છે.

## લોકસભાના અધ્યક્ષને શપથ

ભારતમાં <u>લોકસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષે</u> પોતાનો હોદ્દો સંભાળવા માટે કોઈ <u>શપથ કે પ્રતિજ્ઞા લેવાની હોતી નથી.</u>

- તેઓ ફકત <u>લોકસભાના સભ્ય</u> તરીકે જ શપથ લે છે.
- લોકસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ તરીકે તેમણે શપથ લેવાના હોતા નથી.
- ભારતીય બંધારણની <u>ત્રીજી અનુસૂચિ</u>માં લોકસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષના શપથ કે પ્રતિજ્ઞા અંગેની કોઈ જ જોગવાઈ નથી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## લોકસભાના અધ્યક્ષનું પદ ખાલી હોય ત્યારે

**જ્યારે લોકસભાના અધ્યક્ષનું પદ ખાલી હોય ત્યારે લોકસભાના ઉપાધ્યક્ષ અધ્યક્ષ તરીકેની ભૂમિકા નીભાવે છે.**

- જ્યારે લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બંનેનું પદ ખાલી હોય ત્યારે ભારતીય બંધારણના **અનુચ્છેદ 95(1)** અનુસાર **રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક પામેલ લોકસભાના સભ્ય** લોકસભાના અધ્યક્ષ તરીકે ભૂમિકા નીભાવે છે.

## લોકસભાના અધ્યક્ષની ગેરહાજરીમાં લોકસભાની બેઠકોનું સંચાલન

**ભારતમાં સામાન્ય રીતે લોકસભાના અધ્યક્ષ જ લોકસભાની બેઠકોનું સંચાલન કરે છે.**

- અધ્યક્ષની ગેરહાજરીમાં **લોકસભાના ઉપાધ્યક્ષ** તેનું સંચાલન કરે છે.
- જ્યારે લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બંને ગેરહાજર હોય ત્યારે ભારતીય બંધારણના **અનુચ્છેદ 95(2)** અનુસાર **લોકસભા દ્વારા આ કાર્ય માટે નક્કી કરવામાં આવેલ વ્યક્તિ** લોકસભાની બેઠકનું સંચાલન કરે છે.
- લોકસભાની કાર્યવાહી અંગેના **Rules of Procedure** ના **નિયમ 9** અનુસાર લોકસભા આ કાર્ય માટે **લોકસભાના સભ્યોની એક યાદી અથવા તો સમિતિ**ની રચના કરે છે.
- આ યાદી અથવા તો સમિતિમાં **વધુમાં વધુ 10 સભ્યો**ના નામ હોય છે.
- અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં **આ યાદીમાં સમાવેશ પામેલ સભ્ય** લોકસભાના અધ્યક્ષની ભૂમિકા નીભાવે છે.
- આ સમયે એ સભ્યને લોકસભાના અધ્યક્ષને આપવામાં આવેલી તમામ શક્તિઓ પ્રાપ્ત થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## લોકસભાના અધ્યક્ષનો કાર્યકાળ

**ભારતમાં લોકસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષનો કાર્યકાળ અલગ રીતે નક્કી કરવામાં આવ્યો નથી.**

- સામાન્ય રીતે તેઓ **લોકસભાના વિસર્જન** સુધી પોતાના પદ પર રહી શકે છે.
- ભારતમાં લોકસભાના અધ્યક્ષ **નવી ચૂંટાયેલી લોકસભાની પ્રથમ બેઠક સુધી** અધ્યક્ષ ગણાય છે.

## લોકસભાના અધ્યક્ષનું સ્થાન ક્યારે ખાલી પડી શકે છે ?

**ભારતીય બંધારણના અનુચ્છેદ 94 અનુસાર ભારતમાં લોકસભાના કાર્યકાળ દરમિયાન નીચેના સંજોગોમાં લોકસભાના અધ્યક્ષનું સ્થાન ખાલી પડી શકે છે :**

(1) જો તેઓ લોકસભાના સભ્ય ન રહે તો. (જેમકે, તેમની ચૂંટણી ગેરકાયદેસર જાહેર થાય ત્યારે આવી સ્થિતિનું નિર્માણ થાય છે.)

(2) જો તેઓ પોતાની ઈચ્છાથી રાજીનામું આપે તો. (લોકસભાના અધ્યક્ષ **ઉપાધ્યક્ષ**ને અને લોકસભાના ઉપાધ્યક્ષ **અધ્યક્ષ**ને પોતાનું રાજીનામું આપે છે.)

(3) જો લોકસભા પોતાના તત્કાલીન કુલ સભ્યોની બહુમતીથી **Resolution** (ઠરાવ) પસાર કરીને તેમને પદ પરથી દૂર કરે તો. (લોકસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષને પદ પરથી દૂર કરવા માટે તેમને ઓછામાં ઓછા **14 દિવસ અગાઉ** નોટિસ આપવી જરૂરી છે.)

**નોંધ :** (1) જે બેઠકમાં અધ્યક્ષ કે ઉપાધ્યક્ષને પદ પરથી દૂર કરવાનો પ્રસ્તાવ લાવવામાં આવે એ બેઠકમાં તેઓ લોકસભાના સભ્ય તરીકે હાજર રહી શકે છે, પરંતુ તેઓ લોકસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ તરીકેની કામગીરી કરી શકતા નથી.

(2) આવી બેઠકમાં લોકસભાના અધ્યક્ષ કે ઉપાધ્યક્ષ લોકસભાના સભ્ય તરીકે સંસદની કાર્યવાહીમાં ભાગ લઈ શકે છે, આ અંગે પોતાનો પક્ષ રજૂ કરી શકે છે અને પ્રસ્તાવની તરફેણ કે વિરુદ્ધમાં મતદાન પણ કરી શકે છે.

(3) પરંતુ આવા પ્રસ્તાવની તરફેણ અને વિરુદ્ધમાં જ્યારે એક સરખા મત પડે ત્યારે તેઓ લોકસભાના અધ્યક્ષ તરીકે નિર્ણાયક મત (Casting Vote) આપી શકતા નથી. જે લોકસભાના અધ્યક્ષ તરીકે તેમને સામાન્ય બેઠકોમાં પ્રાપ્ત થાય છે.

## લોકસભાના અધ્યક્ષની સત્તા અને કાર્યો

ભારતમાં લોસકભાના અધ્યક્ષને સત્તાઓ ત્રણ સ્ત્રોતમાંથી પ્રાપ્ત થાય છે : (1) બંધારણ (2) સંસદીય પરંપરાઓ અને (3) લોકસભાની પ્રક્રિયા તથા કામગીરી અંગેના નિયમો.

- આ ત્રણેય સ્ત્રોતમાંથી પ્રાપ્ત થતી લોકસભાના અધ્યક્ષની સત્તા અને કાર્યો આ પ્રમાણે છે :

(1) તેમનું મુખ્ય કાર્ય લોકસભાની બેઠકોનું સંચાલન કરવાનું છે. આ દરમિયાન કોઈપણ સંશય કે મતભેદની સ્થિતિમાં તેમનો નિર્ણય અંતિમ ગણાય છે.

(2) કોઈ ખરડો નાણાં ખરડો છે કે નહિ તેનો નિર્ણય લોકસભાના અધ્યક્ષ કરે છે. આ અંગે તેમનો નિર્ણય આખરી ગણાય છે.

(3) લોકસભામાં કોઈ પ્રસ્તાવની તરફેણ અને વિરુદ્ધમાં જ્યારે એક સરખા મત પડે ત્યારે તેઓ નિર્ણાયક મત આપી શકે છે.

(4) સંસદની (રાજ્યસભા અને લોકસભાની) સંયુક્ત બેઠકની અધ્યક્ષતા લોકસભાના અધ્યક્ષ કરે છે. અધ્યક્ષની ગેરહાજરીમાં લોકસભાના ઉપાધ્યક્ષ આ બેઠકની અધ્યક્ષતા કરે છે.

(5) ભારતીય બંધારણની 10મી અનુસૂચિ અર્થાત્ પક્ષ પલ્ટા વિરોધી કાયદા અંતર્ગત આપવામાં આવેલી સત્તા અનુસાર પક્ષ પલ્ટા સંબંધી ફરિયાદની સ્થિતિમાં કોઈ સભ્યને યોગ્ય કે અયોગ્ય જાહેર કરવાનો અંતિમ નિર્ણય લોકસભાના અધ્યક્ષ કરે છે. (જોકે, 'કિહોતો હોલોહાન વિરુદ્ધ જાચિલ્હુ'ના કેસમાં 1992માં સુપ્રીમ કોર્ટે આપેલા આદેશ અનુસાર અધ્યક્ષના આ નિર્ણયની ન્યાયિક સમીક્ષા થઈ શકશે.)

(6) લોકસભાની બેઠકો માટે તારીખ અને સમય લોકસભાના અધ્યક્ષ જ નક્કી કરે છે. આ ઉપરાંત તેમાં થનાર કામગીરી તથા વિષયનો ક્રમ પણ તેઓ નક્કી કરે છે.

(7) લોકસભામાં કયા સભ્યને કેટલો સમય બોલવાની પરવાનગી આપવી અથવા તો ન આપવી તેનો નિર્ણય લોકસભાના અધ્યક્ષ કરે છે.

(8) તેઓ લોકસભાની સંસદીય સમિતિઓ પર નિયંત્રણ રાખે છે અને તમામ સમિતિઓના અધ્યક્ષની નિમણૂક કરે છે.

(9) તેઓ લોકસભાની નીચેની સમિતિઓમાં અધ્યક્ષ હોય છે :

(i) નિયમ સમિતિ (Rules Committee)

(ii) સામાન્ય હેતુ સમિતિ (General Purpose Committee)

(iii) કાર્ય મંત્રણા સમિતિ (Business Advisory Committee)

(10) લોકસભાની બેઠક માટે લોકસભાની કુલ સભ્ય સંખ્યાના ઓછામાં ઓછા 1/10 સભ્યની હાજરી જરૂરી છે. જેને 'કોરમ' કહે છે. જો કોરમ કરતા ઓછા સભ્ય હાજર હોય તો લોકસભાના અધ્યક્ષ ત્યાં સુધી લોકસભાની બેઠક સ્થગિત કરી દે છે જ્યાં સુધી કોરમ જેટલા સભ્ય ન થાય.

## લોકસભાના અધ્યક્ષ નિષ્પક્ષ રીતે કાર્ય કરી શકે એ માટે કરવામાં આવેલી કેટલીક અગત્યની જોગવાઈઓ

- લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષને વેતન તથા ભથ્થાં ભારતની સંચિત નિધિમાંથી આપવામાં આવે છે, સંસદમાં એ માટે મતદાન થતું નથી.
- લોકસભામાં અધ્યક્ષના કાર્યો કે આચરણ બાબતે ચર્ચા કે ટીકા કરી શકાતી નથી.
- લોકસભાના સંચાલન માટે તેમને આપવામાં આવેલી સત્તા અને એ સત્તા હેઠળ તેમણે કરેલી કાર્યવાહી ન્યાયાલયના અધિકાર ક્ષેત્રથી બહાર છે.
- લોકસભામાં થતા મતદાન દરમિયાન તેઓ ફક્ત 'નિર્ણાયક મત' જ આપી શકે છે. એટલે કે જ્યારે કોઈ પ્રસ્તાવની તરફેણ અને વિરુદ્ધમાં એક સરખા મત પડે ત્યારે જ તેઓ મત આપી શકે છે. એ અગાઉ તેઓ મત આપી શકતા નથી.
- ભારતમાં હોદ્દાના પ્રાયોરિટી લિસ્ટમાં (વર્ષ 2016ની સ્થિતિએ) લોકસભાના અધ્યક્ષનો ક્રમ છઠ્ઠો છે. જે ભારતમાં સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશની સમકક્ષ છે. ભારતમાં વડાપ્રધાન અને નાયબ વડાપ્રધાનને બાદ કરતાં અન્ય મંત્રીઓ કરતા લોકસભાના અધ્યક્ષનું સ્થાન ઉંચું છે.
- તેમને તત્કાલીન કુલ સભ્યોની બહુમતીથી જ પદ પરથી હટાવી શકાય છે, ગૃહમાં ઉપસ્થિત તથા મતદાન કરનાર સભ્યોની બહુમતીથી નહિ.

**નોંધ :** (1) ભારતમાં લોકસભાના પ્રથમ સ્પીકરનું નામ શ્રી ગણેશ વાસુદેવ માવલંકર છે. તેઓ ગુજરાતની અમદાવાદ લોકસભા બેઠક પરથી લોકસભાના સાંસદ હતા.

(2) ભારતની લોકસભાના પ્રથમ મહિલા સ્પીકર શ્રીમતી મીરા કુમાર હતા.

(3) તાજેતરમાં શ્રી ઓમ બિરલાએ લોકસભાના સ્પીકર તરીકે શ્રીમતી સુમિત્રા મહાજનનું સ્થાન લીધું છે. શ્રીમતી સુમિત્રા મહાજન શ્રીમતી મીરા કુમાર બાદ લોકસભાના બીજા મહિલા સ્પીકર હતા.

(4) ભારતમાં લોકસભાના સ્પીકર તરીકે સૌથી લાંબો સમય કાર્ય કરનાર સ્પીકર શ્રી બલરામ જાખડ (1980-1989) છે.

(5) શ્રી નીલમ સંજીવ રેડ્ડી લોકસભાના એવા સ્પીકર છે કે જેઓ બાદમાં ભારતના રાષ્ટ્રપતિ બન્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ સંસદના સંયુક્ત સત્રને રાષ્ટ્રપતિનું સંબોધન

**20 જૂન 2019ના રોજ ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે સંસદના સંયુક્ત સત્રને સંબોધન કર્યું હતું.**

- ભારતમાં **દર વર્ષે સંસદના પ્રથમ સત્રમાં અને નવી ચૂંટાયેલી લોકસભાના સત્રની શરૂઆત**માં ભારતના **રાષ્ટ્રપતિ** લોકસભા અને રાજ્યસભા એમ બંને ગૃહોના સભ્યોને **સંયુક્ત** રીતે સંબોધન કરે છે.
- લોકસભા અને રાજ્યસભાના સભ્યોની આ સંયુક્ત બેઠક **સંસદ ભવન**ના **સેન્ટ્રલ હોલ**માં બોલાવવામાં આવે છે.
- જેમાં સરકારની ભવિષ્યની નીતિઓ અને કાર્યો વિશે ગૃહને માહિતગાર કરવામાં આવે છે. અને સાથે સાથે તેમા ગત વર્ષે સરકારે પ્રાપ્ત કરેલી સફળતાનું પણ વર્ણન હોય છે.
- રાષ્ટ્રપતિના અભિભાષણ બાદ બંને ગૃહોમાં તેના પર **વિસ્તૃત ચર્ચા** કરવામાં આવે છે.
- પરંતુ આ ચર્ચા દરમિયાન **રાષ્ટ્રપતિ**નો ઉલ્લેખ કરવામાં આવતો નથી. કારણ કે અભિભાષણમાં સરકાર દ્વારા તૈયાર કરેલ નીતિઓ હોય છે. જેના માટે સરકાર જવાબદાર છે રાષ્ટ્રપતિ નહીં.
- ચર્ચા બાદ તમામ વાદ–વિવાદના ઉત્તર સામાન્ય રીતે **વડાપ્રધાન** આપે છે.
- ત્યારબાદ **ધન્યવાદ પ્રસ્તાવ** પસાર કરવામાં આવે છે. અને આ ધન્યવાદ પ્રસ્તાવ પસાર થયા બાદ અધ્યક્ષ પ્રસ્તાવ પસાર થયા અંગેની માહિતી પત્ર દ્વારા રાષ્ટ્રપતિને આપે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS





ICE ? Questions

1. ભારતમાં 'પ્રધાનમંત્રી કિસાન પેન્શન યોજના' અંતર્ગત કિસાનોને 60 વર્ષની ઉંમરથી દર મહિને કેટલું પેન્શન આપવામાં આવશે ?
(A) રૂ. 2000 (B) રૂ. 3000 (C) રૂ. 4000 (D) રૂ. 5000
**(B)**

2. 17 જૂન 2019ના રોજ ડો. વીરેન્દ્ર કુમારને 17મી લોકસભાના પ્રોટેમ સ્પીકર તરીકે શપથ કોણે અપાવ્યા છે ?
(A) શ્રી રામનાથ કોવિંદ (B) શ્રી એમ. વેંકૈયા નાયડુ
(C) શ્રી રંજન ગોગોઈ (D) તેમણે શપથ લેવાના હોતા નથી
**(A)**

3. 17મી લોકસભાના પ્રથમ સત્રમાં પ્રોટેમ સ્પીકરે કોને શપથ અપાવ્યા છે ?
(A) ફક્ત મંત્રીપરિષદને
(B) ફક્ત પ્રધાનમંત્રી અને મંત્રીપરિષદને
(C) પ્રધાનમંત્રી અને મંત્રીપરિષદ સિવાયના લોકસભામાં ચૂંટાયેલા નવા સભ્યોને
(D) પ્રધાનમંત્રી, મંત્રીપરિષદ સહિત લોકસભામાં ચૂંટાયેલા તમામ સભ્યોને
**(D)**

4. નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. ભારતમાં પ્રધાનમંત્રી અને મંત્રીપરિષદને તેમના હોદ્દાના શપથ ભારતના રાષ્ટ્રપતિ અપાવે છે.
2. ભારતમાં પ્રધાનમંત્રી અને મંત્રીપરિષદના સભ્યોને લોકસભાના સભ્ય તરીકેના શપથ લોકસભાના અધ્યક્ષ અપાવે છે.
(A) વિધાન 1 સાચું અને વિધાન 2 પણ સાચું (B) વિધાન 1 ખોટું અને વિધાન 2 પણ ખોટું
(C) વિધાન 1 સાચું અને વિધાન 2 ખોટું (D) વિધાન 1 ખોટું અને વિધાન 2 સાચું
**(C)**

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

5. ભારતમાં લોકસભાના સભ્યો કઈ ભાષામાં શપથ લઈ શકે છે ?
(A) ગમે તે ભાષામાં (B) ફક્ત પોતાની માતૃભાષામાં જ
(C) અંગ્રેજી ઉપરાંત ભારતના બંધારણની 5મી અનુસૂચિમાં સમાવેશ પામેલ 22 ભાષાઓમાંથી કોઈપણ ભાષામાં
(D) અંગ્રેજી ઉપરાંત ભારતના બંધારણની 8મી અનુસૂચિમાં સમાવેશ પામેલ 22 ભાષાઓમાંથી કોઈપણ ભાષામાં
**(D)**

6. ભારતીય બંધારણની 8મી અનુસૂચિમાં સમાવેશ પામેલ 22 ભાષઓમાં નીચેનામાંથી કઈ ભાષાનો સમાવેશ થતો નથી ?
(A) બોડો (B) સંથાલી (C) ભોજપુરી (D) ડોગરી
**(C)**

7. તાજેતરમાં ભારતની 17મી લોકસભાના કાર્યકારી અધ્યક્ષ અથવા તો પ્રોટેમ સ્પીકર તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?
(A) ડો. વીરેન્દ્ર કુમાર (B) ડો. ધર્મેન્દ્ર પ્રધાન (C) ડો. નરેન્દ્ર કુમાર (D) ડો. જીતેન્દ્ર કુમાર
**(A)**

8. ભારતની 17મી લોકસભાના પ્રોટેમ સ્પીકર તરીકે તાજેતરમાં ડો. વીરેન્દ્ર કુમારની નિમણૂક કરવામાં આવી છે..... તેઓ કઈ લોકસભા બેઠક પરથી સાંસદ છે ?

(A) સાગર, મધ્યપ્રદેશ (B) ભોપાલ, મધ્યપ્રદેશ

(C) મંદસૌર, મધ્યપ્રદેશ (D) ટિકમગઢ, મધ્યપ્રદેશ **(D)**

9. ડો. વીરેન્દ્ર કુમારની તાજેતરમાં લોકસભાના પ્રોટેમ સ્પીકર તરીકે નિમણૂક કરવામાં આવી છે... તેઓ સતત કેટલામી લોકસભાથી લોકસભાના સાંસદ છે ?

(A) 9મી (B) 10મી (C) 11મી (D) 13મી **(C)**

10. પ્રોટેમ સ્પીકરના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. તેમની નિમણૂક રાષ્ટ્રપતિ દ્વારા થાય છે અને તેમને શપથ પણ રાષ્ટ્રપતિ જ અપાવે છે.
2. તેઓ નવી લોકસભાની પ્રથમ બેઠકમાં લોકસભાના અધ્યક્ષ હોય છે.
3. નવી લોકસભાની પ્રથમ બેઠકમાં તેઓ ફક્ત ચૂંટાયેલા મંત્રીઓને જ શપથ અપાવે છે.
4. ભારતમાં પ્રોટેમ સ્પીકરને લોકસભાના અધ્યક્ષ જેવી જ શક્તિઓ પ્રાપ્ત થાય છે.

Ans. : (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 1, 4 **(C)**

11. 19 જૂન, 2019ના રોજ ભારતમાં લોકસભાના નવા અધ્યક્ષ અથવા તો સ્પીકર તરીકે કોની વરણી કરવામાં આવી છે ?

(A) શ્રી ઓમ પ્રકાશ (B) શ્રી ઓમ બિરલા (C) શ્રી નંદ બિરલા (D) શ્રી નંદ પ્રકાશ **(B)**

12. શ્રી ઓમ બિરલા લોકસભાના કેટલામા સ્પીકર અથવા તો અધ્યક્ષ બન્યા છે ?

(A) 15મા (B) 16મા (C) 17મા (D) 18મા **(C)**

13. શ્રી ઓમ બિરલા કઈ લોકસભા બેઠક પરથી લોકસભાના સાંસદ છે ?

(A) અલવર, રાજસ્થાન (B) બિકાનેર, રાજસ્થાન

(C) ઝાલોર, રાજસ્થાન (D) કોટા–બુંદી, રાજસ્થાન **(D)**

14. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પદ અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ 63 (B) અનુચ્છેદ 83 (C) અનુચ્છેદ 93 (D) અનુચ્છેદ 103 **(C)**

15. ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત લોકસભાના પદાધિકારીઓની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ 93 થી 97 (B) અનુચ્છેદ 93 થી 99

(C) અનુચ્છેદ 93 થી 103 (D) અનુચ્છેદ 93 થી 104 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

16. ભારતમાં જ્યારે લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બંનેનું પદ ખાલી હોય ત્યારે ભારતીય બંધારણના અનુચ્છેદ 95(1) અનુસાર લોકસભાના અધ્યક્ષ તરીકેની ભૂમિકા કોણ નીભાવે છે ?
(A) રાષ્ટ્રપતિ (B) ઉપરાષ્ટ્રપતિ
(C) રાષ્ટ્રપતિ દ્વારા નિમણૂક પામેલ લોકસભાના સભ્ય
(D) લોકસભા દ્વારા આ કાર્ય માટે નીયત કરેલ લોકસભાના સભ્ય (C)

17. ભારતમાં જ્યારે લોકસભાના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ બંને ગેરહાજર હોય ત્યારે ભારતીય બંધારણના અનુચ્છેદ 95(2) અનુસાર લોકસભાની બેઠકનું સંચાલન કોણ કરે છે ?
(A) લોકસભાના અધ્યક્ષ દ્વારા આ કાર્ય માટે નક્કી કરવામાં આવેલ વ્યક્તિ
(B) લોકસભાના ઉપાધ્યક્ષ દ્વારા આ કાર્ય માટે નક્કી કરવામાં આવેલ વ્યક્તિ
(C) લોકસભા દ્વારા આ કાર્ય માટે નક્કી કરવામાં આવેલ યાદીમાંના વ્યક્તિ
(D) લોકસભાના સૌથી વરિષ્ઠ સાંસદ (C)

18. ભારતમાં લોકસભાના અધ્યક્ષને સત્તાઓ કયા સ્ત્રોતમાંથી પ્રાપ્ત થાય છે ?
(A) બંધારણ (B) સંસદીય પરંપરાઓ
(C) લોકસભાની પ્રક્રિયા તથા કામગીરી અંગેના નિયમો (D) ઉપરોક્ત ત્રણેય (D)

19. શ્રી ઓમ બિરલાએ લોકસભાના સ્પીકર તરીકે કોનું સ્થાન લીધું છે ?
(A) શ્રીમતી મીરા કુમાર (B) શ્રી સોમનાથ ચેટર્જી
(C) શ્રીમતી સુમિત્રા મહાજન (D) શ્રી મુરલી મનોહર જોશી (C)

20. ભારતમાં લોકસભાના સ્પીકર તરીકે સૌથી લાંબો સમય કાર્ય કરનાર લોકસભાના સ્પીકરનું નામ શું છે ?
(A) શ્રી ગણેશ વાસુદેવ માવલંકર (B) શ્રી બલરામ જાખડ
(C) શ્રી પી. એ. સંગ્મા (D) શ્રી સોમનાથ ચેટર્જી (B)

21. ભારતમાં લોકસભાના કયા સ્પીકર ભારતના રાષ્ટ્રપતિ બન્યા હતા ?
(A) શ્રી જ્ઞાની ઝૈલ સિંહ (B) શ્રી નીલમ સંજીવ રેડ્ડી
(C) શ્રી વરાહગિરી વેંકટગિરી (D) શ્રી ઝાકીર હુસૈન (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ONE LINER
## CURRENT AFFAIRS

## ગુજરાત

### ➤ વાયેબલ માંદા ઔદ્યોગિક એકમ પુનર્વસન યોજના

ગુજરાતમાં **માંદા ઔદ્યોગિક એકમોના પુનર્વસન માટે** ગુજરાત સરકાર દ્વારા વર્ષ **2017**થી બે વર્ષ માટે **'વાયેબલ માંદા ઔદ્યોગિક એકમ પુનર્વસન યોજના'** શરૂ કરવામાં આવી છે. માંદા ઔદ્યોગિક એકમોને આ યોજના હેઠળ અનેક લાભ–રાહતો આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા માટે 10 સપ્ટેમ્બર 2019 સુધીમાં અરજી કરવાની રહેશે.

### ➤ ગુજરાતમાં માઈનીંગ સેક્ટરને ઉદ્યોગનો દરજ્જો આપવાની જાહેરાત

ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં ગુજરાતના ઔદ્યોગિક આર્થિક વિકાસને વેગ આપવા માટે ગુજરાતમાં **માઈનીંગ સેક્ટર**ને એટલે કે **ખનીજ-ખાણ ક્ષેત્ર**ને ઉદ્યોગનો દરજ્જો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સરકારના આ નિર્ણયથી ગુજરાતમાં હવે માઈનીંગ સેક્ટરનો વધુ ઝડપથી વિકાસ થશે.

## ભારત

### ➤ ભારતીય નૌસેનાની સૌથી જૂની એર સ્કવોડ્રનની હીરક જયંતી ઉજવવામાં આવી

ભારતીય નૌસેનાની સૌથી જૂની અને પ્રથમ એર સ્કવોડ્રન **(INS) 550**ના તાજેતરમાં **60 વર્ષ** પૂરા થયા છે. આથી, ભારતમાં **કોચિ** ખાતે આવેલા નૌસેના મથકમાં 17 જૂન, 2019ના રોજ તેની **હીરક જયંતી (Diamond Jubilee)**ની ઉજવણી કરવામાં આવી છે.

### ➤ શ્રી વિરાટ કોહલી વન ડેમાં સૌથી ઝડપી 11000 રન કરનાર બેટ્સમેન બન્યા

તાજેતરમાં **ઈંગ્લેન્ડ**ના **માન્ચેસ્ટર**ના **ઓલ્ડ ટ્રેફર્ડ મેદાન**માં **પાકિસ્તાન** સામે રમાયેલી વર્લ્ડ કપની મેચમાં પોતાની **222મી** ઈનિંગમાં **શ્રી વિરાટ કોહલી**એ **11000 રન** પૂરા કર્યા છે. આ સાથે જ **શ્રી વિરાટ કોહલી** **વન ડેમાં સૌથી ઝડપી 11000 રન કરનાર બેટ્સમેન** બની ગયા છે. આ અગાઉ આ રેકોર્ડ **શ્રી સચિન તેંડુલકર**ના નામે હતો. વન ડે ક્રિકેટમાં સૌથી ઝડપી **8000 રન**, **9000 રન, 10000 રન અને 11000 રન** બનાવવાનો રેકોર્ડ **શ્રી વિરાટ કોહલી**ના નામે જ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ➤ ઉત્તરપ્રદેશ સરકાર હવે સંસ્કૃતમાં પણ પ્રેસ રીલીઝ પ્રસિદ્ધ કરશે

ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા **હિંદી, અંગ્રેજી અને ઉર્દૂ** ભાષા ઉપરાંત હવે **સંસ્કૃત**માં પણ પ્રેસ રીલીઝ પ્રસિદ્ધ કરવામાં આવશે. ઉત્તરપ્રદેશમાં સંસ્કૃત ભાષાને પ્રોત્સાહન આપવા માટે સરકારે આ નિર્ણય કર્યો છે.

### ➤ ફિચે સતત બીજી વખત ભારતના વૃદ્ધિ દરનો અંદાજ ઘટાડયો

વિશ્વની જાણીતી રેટિંગ એજન્સી **ફિચે** ચાલુ નાણાકીય વર્ષ **2019-20** માટેનો ભારતનો GDP વૃદ્ધિ દર ઘટીને **6.6 ટકા** રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. આ અગાઉ **માર્ચ 2019** દરમિયાન ફિચે ભારતના અર્થતંત્રનો વૃદ્ધિ દર **7 ટકા**થી ઘટાડીને **6.8 ટકા** રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો. વર્ષ **2018-19** દરમિયાન ભારતીય અર્થતંત્રનો વૃદ્ધિ દર **6.8 ટકા** રહ્યો છે.

### ➤ પ્રસિદ્ધ અભિનેતા શ્રી અમિતાભ બચ્ચને 'સી નાઉ' અભિયાન લોન્ચ કર્યું

ભારતના પ્રસિદ્ધ અભિનેતા **શ્રી અમિતાભ બચ્ચ**ને ભારતમાં ઉત્તરપ્રદેશના કેટલાક જિલ્લાઓમાં **'સી નાઉ' અભિયાન** લોન્ચ કર્યું છે. ભારતમાં **અવોઈડેબલ બ્લાઈન્ડનેસ (ટાળી શકાય તેવા અંધાપા)**ને દૂર કરવા માટે આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.

## વિશ્વ

### ➤ યુએનના રિપોર્ટ અનુસાર વર્ષ 2027 સુધીમાં ભારત વિશ્વમાં સૌથી વધુ વસતી ધરાવતો દેશ બની જશે

**યુનાઈટેડ નેશન્સ** દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા **'ધ વર્લ્ડ પોપ્યુલેશન પ્રોસ્પેક્ટ્સ 2019 : હાઈલાઈટ્સ'** નામના રિપોર્ટ અનુસાર **વર્ષ 2027** સુધીમાં **ચીન**ને પાછળ રાખીને **ભારત** વિશ્વનો **સૌથી વધુ વસતી ધરાવતો દેશ** બની જશે. આ રિપોર્ટ અનુસાર વર્ષ **2050** સુધીમાં **ભારત**ની વસતીમાં **27.3 કરોડ**નો વધારો થવાની સંભાવના છે. આ રિપોર્ટ અનુસાર 21મી સદીના અંત સુધીમાં વિશ્વની વસતી વધીને **11 અબજ** થવાની સંભાવના છે.

### ➤ શ્રી ઈયોન મોર્ગને વન ડેની એક ઈનિંગમાં સૌથી વધુ સિક્સ ફટકારવાનો રેકોર્ડ બનાવ્યો

**ઈંગ્લેન્ડ**ના કેપ્ટન **શ્રી ઈયોન મોર્ગને** તાજેતરમાં **અફઘાનિસ્તાન** સામેની વર્લ્ડ કપની એક મેચમાં અફઘાનિસ્તાનના કેપ્ટન **શ્રી ગુલબદીન નઈબ**ની બોલિંગમાં તેમની ઈનિંગની **17મી સિક્સ** ફટકારી હતી. આ સાથે જ **શ્રી ઈયોન મોર્ગન** વન ડેની એક ઈનિંગમાં **સૌથી વધુ 17 સિક્સ ફટકારનાર બેટ્સમેન** બની ગયા છે.

### ➤ ઈચ્છા મૃત્યુને કાયદેસરની મંજૂરી આપનારું વિક્ટોરિયા ઓસ્ટ્રેલિયાનું પ્રથમ રાજ્ય બન્યું

તાજેતરમાં **ઓસ્ટ્રેલિયા**ના **વિક્ટોરિયા** નામના **રાજ્ય**માં **ઈચ્છા મૃત્યુ**ને કાયદેસરની મંજૂરી આપવામાં આવી છે. આ સાથે જ **વિક્ટોરિયા** ઈચ્છા મૃત્યુને કાયદેસરની મંજૂરી આપનારું **ઓસ્ટ્રેલિયાનું પ્રથમ રાજ્ય** બની ગયું છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ➤ માલીની મહિલા ટીમે આંતરરાષ્ટ્રીય ટી-20 ઈતિહાસનો સૌથી ઓછો સ્કોર બનાવ્યો

18 જૂન, 2019ના રોજ **માલી**ની મહિલા ટીમ **રવાંડા** સામેની એક ટી-20 મેચમાં 9 ઓવરમાં **કુલ 6 રન** બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. આ સાથે જ **માલીની મહિલા ટીમ** આંતરરાષ્ટ્રીય ટી-20 ક્રિકેટના ઈતિહાસનો **સૌથી ઓછો સ્કોર બનાવનાર ટીમ** બની ગઈ છે. માલીની મહિલા ટીમે બનાવેલા કુલ 6 રનમાંથી 5 રન તો એકસ્ટ્રા હતા.

## ICE ? Questions

- ગુજરાતમાં માંદા ઔદ્યોગિક એકમોના પુનર્વસન માટે ગુજરાત સરકાર દ્વારા વર્ષ 2017થી કઈ યોજના શરૂ કરવામાં આવી છે ? – વાયેબલ માંદા ઔદ્યોગિક એકમ પુનર્વસન યોજના
- તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા કયા સેક્ટરને ઉદ્યોગનો દરજ્જો આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ? – માઈનિંગ સેક્ટર (ખનીજ–ખાણ ક્ષેત્ર)
- તાજેતરમાં ભારતીય નૌસેનાની સૌથી જૂની કઈ એર સ્કવોડ્રનની હીરક જયંતીની ઉજવણી કરવામાં આવી છે ? – (INS) 550
- વન ડે ક્રિકેટમાં સૌથી ઝડપી 11000 રન બનાવનાર ખેલાડીનું નામ શું છે ? – શ્રી વિરાટ કોહલી
- શ્રી વિરાટ કોહલીએ તાજેતરમાં પોતાની કેટલામી ઈનિંગમાં વન ડે ક્રિકેટમાં સૌથી ઝડપી 11000 રન બનાવ્યા છે ? – 222મી
- તાજેતરમાં ભારતના કયા રાજ્ય દ્વારા સંસ્કૃત ભાષામાં પ્રેસ રીલીઝ પ્રસિદ્ધ કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – ઉત્તરપ્રદેશ
- જૂન 2019ના ફિચના અંદાજ અનુસાર ચાલુ નાણાકીય વર્ષ 2019-20 દરમિયાન ભારતનો GDP વૃદ્ધિ દર કેટલા ટકા રહેવાની સંભાવના છે ? – 6.6 ટકા
- ભારતમાં અવોઈડેબલ બ્લાઈન્ડનેસને દૂર કરવા માટે કોના દ્વારા 'સી નાઉ' અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ? – શ્રી અમિતાભ બચ્ચન
- ભારતમાં અવોઈડેબલ બ્લાઈન્ડનેસ દૂર કરવા માટે શ્રી અમિતાભ બચ્ચન દ્વારા તાજેતરમાં કયું અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે ? – 'સી નાઉ' અભિયાન
- યુનાઈટેડ નેશન્સ દ્વારા તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'ધ વર્લ્ડ પોપ્યુલેશન પ્રોસ્પેક્ટ્સ 2019 : હાઈલાઈટ્સ' નામના રિપોર્ટ અનુસાર કયાં સુધીમાં ચીનને પાછળ રાખીને ભારત વિશ્વમાં સૌથી વધુ વસતી ધરાવતો દેશ બની જશે ? – વર્ષ 2027 સુધીમાં
- વન ડે ક્રિકેટની એક ઈનિંગમાં સૌથી વધુ 17 સિક્સ ફટકારનાર ખેલાડીનું નામ શું છે ? – શ્રી ઈયોન મોર્ગન (ઈંગ્લેન્ડ)
- ઈચ્છા મૃત્યુને કાયદેસરની મંજૂરી આપનાર ઓસ્ટ્રેલિયાના પ્રથમ રાજ્યનું નામ શું છે ? – વિકટોરિયા
- આંતરરાષ્ટ્રીય ટી-20 ક્રિકેટના ઈતિહાસમાં સૌથી ઓછો 6 રનનો સ્કોર બનાવનાર ટીમનું નામ શું છે ? – માલી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉપયોગી ફ્રી ઓનલાઈન મટીરિયલ્સની માહિતી માટે icerajkot PAGE LIKE કરો.

FACEBOOK
icerajkot

આ મેગેઝિન ફ્રી મેળવવા માટે અમારી નવી AUTHENTIC TELEGRAM CHANNEL

(t.me / icerajkotofficial)

આજે જ JOIN કરો.




## ALL TYPE OF COMPETITIVE EXAMS

| | | | |
|---|---|---|---|
| GPSC | SBI | PSI | TALATI |
| UPSC | PO | PI | Dy. S.O. |
| IBPS | CLERK | CONSTABLE | Dy. MAMLATDAR |

- સ્પર્ધાત્મક પરીક્ષાના નિષ્ણાતો દ્વારા અભ્યાસ.
- ગણિત, ENGLISH, ગુજરાતી અને સામાન્ય જ્ઞાનની સર્વગ્રાહી સફળ ફોર્મ્યુલા.
- પૂર્ણ સંભાવના ધરાવતા પ્રશ્નો સાથે તૈયારી.
- જરૂરી અને મર્યાદિત વાંચનના માધ્યમથી પરીક્ષાલક્ષી અને પરિણામલક્ષી તૈયારી.
- વ્યૂહાત્મક તૈયારી માટે અલ્ટ્રાપ્લાનિંગ.
- અનુભવી નિષ્ણાતો દ્વારા તૈયાર થયેલું ટુ ધી પોઈન્ટ અપડેટેડ સ્ટડી મટીરિયલ્સ.
- સ્માર્ટ વર્ક અને સમજણ શક્તિના સમન્વયથી અભ્યાસ.